Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૨૭ • તા. ૦૨ જુલાઈ ૨૦૧૮ થી ૦૮ જુલાઈ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

જય આદિનાથાય

|| ૐ હ્રીં શ્રી ચંદ્રપ્રભસ્વામી ને નમઃ ||
|| નમો નમઃ ગુરૂ શ્રી ગુણસાગર સુરયે ||

જય ગિરિરાજ

સાહિત્ય દિવાકર
પ.પૂ. આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.





## શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ

### પાલીતાણા – નલિયા – મુંબઈ

### શ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણા તીર્થે પર્યુષણ પર્વની આરાધના માટે આમંત્રણ

## પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના વધામણાં...

**મોરલે મેઘને ઝંખે, ચકોર ચંદ્રમા ને ઝંખે, ચાતક વર્ષાના બુંદને ઝંખે તેમ હર એક જૈન પર્યુષણની આરાધના ને ઝંખે છે....** પર્વાધિરાજની આરાધનાની ગંગોત્રી માં હર એક આત્મા સ્નાન કરી પવિત્ર બને એ આશય થી... તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ, સંઘશિરછત્ર **પ.પૂ.આ.ભ. શ્રીમદ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના વિજય સામ્રાજ્યે, શુભાજ્ઞા આશિષે... સોનામાં સુગંધ ભળે તેમ સાહિત્યદિવાકર **પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિઠાણા પાલીતાણાની ધન્ય ધરા પર ચાતુર્માસાર્થે પધારતા હોઈ... ચતુર્વિધ સંઘની સોહામણી ઉપસ્થિતિમાં શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળા મધ્યે પર્વાધિરાજની આરાધનાનું આયોજન કરવામાં આવેલ છે. આપ સૌને પર્યુષણની આરાધના કરવા માટે પધારવા સપ્રેમ આમંત્રણ આપીએ છીએ. પર્વ દરમ્યાન આરાધકોને રહેવાની વ્યવસ્થા છે. તથા સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવેલ છે. તન-મન-ધનથી પર્વાધિરાજના વધામણાં કરવા જરૂરથી પધારશોજી. રહેવાની વ્યવસ્થા વહેલા તે પહેલા ના ધોરણે કરવામાં આવશે.

| | |
|---|---|
| **પર્યુષણ પ્રારંભ દિન** | : ૦૬/૦૯/૨૦૧૮ શ્રાવણ વદ ૧૩-૨૦૭૪ |
| **સંવત્સરી મહાપર્વ આરાધના** | : ૧૩/૦૯/૨૦૧૮ ભાદરવા સુદ ૫-૨૦૭૪ |
| **તપસ્વી પારણાં દિન** | : ૧૪/૦૯/૨૦૧૮ ભાદરવા સુદ ૬-૨૦૭૪ |

**પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિ / પ્રભાવના વી.ના દાતા આવકાર્ય છે....**

| | | | | |
|---|---|---|---|---|
| સવારની નવકારશી | : ૫,૦૦૦/- | ન | છઠના સવારના નવકારશી | : ૧૦,૦૦૦/- |
| બપોરનું જમણવાર | : ૧૫,૦૦૦/- | ક | બપોરનું જમણવાર | : ૨૦,૦૦૦/- |
| સાંજે ચોવિહાર | : ૧૦,૦૦૦/- | રો | એ પ્રમાણે નકરો રાખેલ છે. | |

**આપના આગમનની જાણ મહેતાજી શ્રી પ્રેમચંદભાઈ ને કરશોજી**
**સંપર્ક : 02848-252186 / 09428750650**

**લિ. શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ**
**સર્વ ટ્રસ્ટીગણ**

# ચાલીસગામ તીર્થે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ

### સ્ટેશન રોડ, ચાલીસગામના પ્રાંગણમાં

## તપચક્રવતી અચલગચ્છાધિપતિ
## પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના
## આજ્ઞાનુવર્તિ વાત્સલ્યમૂર્તિ
## પ.પૂ.શ્રી વિમલગુણાશ્રીજી મ.સા.ના
## સુશિષ્યા સાધ્વી શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

**ના ભવ્ય મંગલમય ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભાવભર્યું આમંત્રણ**

## ચાતુર્માસ પ્રવેશ

**શુભદિન : નિજ જેઠ વદ ૯, શુક્રવાર તા. ૬-૭-૨૦૧૮**

સુજ્ઞ સાધર્મિક બંધુ, સાદર જય જિનેન્દ્ર
આપ સૌને જણાવતા અત્યંત હર્ષ થાય છે કે
શ્રી સંઘની આગ્રહભરી વિનંતી સ્વીકાર કરી, ચાતુર્માસ હેતૂ પુજ્યશ્રી
ચાલીસગામ પધારી રહ્યા છે. આપના આગમનથી અમારા શ્રી સંઘની,
જિનશાસનની શોભામાં ચાર ચાંદ લાગ્યા છે.

ચાતુર્માસ અંતરઆત્મા ને જગાવવાનો સંદેશ લઈને આવે છે,
આપણી સુતેલી ચેતનાને જગાવી - જ્ઞાનાદિ ગુણોનો વિકાસ કરી,
આત્મામાં પરમાત્માની પવિત્ર જ્યોતિ ને પ્રગટ કરવા આવો,
આ ચાતુર્માસમાં આપણે તપ-ત્યાગના શ્રૃંગાર કરીએ...
સ્વાધ્યાયના ઘોષ ગજાવીએ... જીવ માત્ર પ્રત્યે દયા, કરૂણા,
પરોપકારના ભાવોથી હૃદયને પલ્લવીત કરીએ...

### ❖ સામૈયું ❖

નિજ જેઠ વદ ૯, શુક્રવાર તા. ૬-૭-૨૦૧૮
સવારના ૮ કલાકે
**અહિંસા ચોક, ભગવાન મહાવીર માર્ગ,**
**(પુર્ણપાત્રે હૉસ્પિટલ) થી શરૂ થશે**

### સ્વામીવાત્સલ્ય

**બપારે ૧૧ તે ૧ કલાકે**

**સંપર્ક :**

ઇંદ્રેશભાઇ પોલડીયા (અધ્યક્ષ) - મો. 9975701977
ચંદ્રેશભાઇ લોડાયા (માનદ્ મંત્રી) - મો. 9422779721
હેમંતભાઇ નાગડા (મેહતાજી) - મો. 7757008082

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**અંક નં. 27/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com


## – એક વિચાર –

## ''પાંજો કોરો''

– **કુમાર દંડ** (આણંદ પરિવાર)

આપણી જ્ઞાતિ એટલે બુધ્ધિશાળી, દુરંદેશી વિચારધારા ધરાવતી જ્ઞાતિ, પણ કેટલાક સમયથી જ્ઞાતિજનોમાં એક નિરાશાજનક વલણ દેખાય છે. કાંઇ થતું નથી ! કોઇ Project આગળ વધતા નથી ! મીટીંગ-સીટીંગમાં પોઝીટીવ વાતોને બદલે મતભેદ થકી મનભેદ સુધી વાતો પહોંચી જાય છે. તેનું કારણ એક જૂની કહેવત પ્રમાણે ''યથા પ્રજા તથા રાજા'' જેવી પ્રજા તેવો રાજા. આ કહેવત મહદ્ અંશે આપણા ભારત દેશને પણ લાગુ પડે છે.

કોઇપણ સમસ્યા હોય, કોઇ વિચારણા હોય, કોઇક સામાજીક-ધાર્મિક ક્ષેત્રની વિચારધારા માટેની મીટીંગ હોય ત્યારે આપણે લગભગ વિચારીયે ''પાંજો કોરો''.

હું નહી જાઉં કે હું ભાગ નહિં લઉં તો શું થશે? બધા છે ને તેઓ ફોડશે. આપણે આપણામાં મસ્ત. છે ને અધિકારીઓ, બસ આજ વિચારધારા આપણને, આપણી જ્ઞાતિને Negative ફીલ્ડમાં લઇ જાય છે. કહ્યું છે કે ''દુર્જનોની દુર્જનતા કરતાં, સજ્જનોની નીષ્ક્રિયતા વધારે ખતરનાક છે''.

ઘણા વર્ષો બાદ આપણી જ્ઞાતિનું સમ્મેલન મળી રહ્યું છે. જ્ઞાતિને નવી દિશા આપવા, જ્ઞાતિજનોને મજબુત કરવા, સાથે મળીને સારા કાર્યો કરવા માટે પૂર્ણ જોશ અને ઉત્સાહથી કમીટી એક પછી એક પગલા ભરી રહી છે.

આપણું કામ એ છે કે આવતી બધી મીટીંગોમાં આપણે હકારાત્મક (Positive) અભિગમ અપનાવી, આપણા સુઝાવ તેમને આપીએ અને સકારાત્મક રીતે કાર્યવાહીઓમાં ભાગ લઇએ.

આપણે ''આનાથી કાંઇ વળવાનું નથી'', ''હેળા ત કેટલાય સમ્મેલન થઇવ્યા'', ''કોઈ પાંજો શુક્રવાર કરે વારો નાંય'' આવું કહી-પ્રજામત ન બગાડીયે.

આ પણ એક ચાન્સ છે. Turning Point આવી પણ શકે. આશા અમર છે.

જ્ઞાતિના ઘણા જ અટવાયેલા પ્રશ્નો દૂર થઇ શકે જો આપણે ભેગા થઇએ. મતભેદ હોઇ શકે પણ મનભેદ ન રાખીએ. કહ્યું છે ''સંઘસ્ય શક્તિ કળીયુગે''. આંગળીઓ કરતા મુઠ્ઠી બળવાન છે. શક્તિનો સંચય કરીએ અને સહુ એક થઇ જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા એ આપેલા સુત્રને યાદ કરીયે ''જ્ઞાતિ મારા માટે શું કરે તે નહિં પણ હું જ્ઞાતિ માટે શું કરી શકું?''

ચાલો સહુ મળીને અનંતનાથ દાદાને પ્રાર્થના કરીએ કે આ આવતું સમ્મેલન જ્ઞાતિમાં નવી આશાનો સંચાર કરે અને સહુ જ્ઞાતિજનોને પ્રગતિના પંથ ઉપર લઇ જાય.

### કલર પેજ જાહેરાતો માટે સૂચના

'પ્રકાશ-સમીક્ષા'ના રંગીન પાનાં ચાર (૪)ના ગુણાંકમાં છપાતા હોવાથી પુણ્યતિથિ કે જન્મ-લગ્ન-જયંતિને લગતી જાહેરાતો અઠવાડીયા પહેલાં મોકલાશે તો તે બધી જાહેરાતોનો સમયસર સમાવેશ કરવામાં અમને આર્થિક કારણોસર મુશ્કેલ બને છે. આ પ્રકારની જાહેરાતો માટે ત્રણેક અઠવાડીયા પહેલાં અમને જાણ કરાશે તો જ સુગમતા રહેશે. તેવી જ રીતે શ્રધ્ધાંજલિ અને અભિનંદનની બધી જાહેરાતોને પણ તે જ અઠવાડીયાના આગામી અંકમાં પ્રગટ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. તેમજ કલર કે અન્ય જાહેરાતો માટે કોઈ ચોક્કસ પાનાનો કે સેન્ટર પેજનો અથવા અગાઉથી બુકીંગ કરવા માટે આગ્રહ રાખવો નહીં. જે સપ્તાહે ચાર (૪)ના ગુણાંકની સંખ્યાના પાનાની કલર જાહેરાતો મળશે તેટલી સંખ્યાની જાહેરાતો જ પ્રગટ કરવાનું શક્ય બનશે, તેની નોંધ લેવા અને સહકાર આપવા વિનંતિ. **– વ્યવસ્થાપક**

**સંસ્થા સમાચાર વિગતવાર છપાશે :** આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિ રૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં. મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય. જાહેરાતની વિગત, સમાચાર, જન્મ-મરણની નોંધ તથા સરનામામાં ફેરફાર (મૂળ ગામનું નામ લખવું) **kdoprakash@gmail.com** ઉપર મોકલવા વિનંતી.

SAVE THE DATE !

SALE

12th to 22nd
July 2018
11am to 7pm

જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 Sunday open during Sale !

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## મોટી સિંધોડીની માટીની મહેક




મોટી સિંધોડીના સવાઇ શ્રાવક ગઢવી વાલજી જીવરાજના જયેષ્ઠ સુપુત્ર કાનજીભાઇ જેની કર્મશીલ જીવન શૈલીથી પોતાની આગવી ઓળખ છે તેમણે વાતચીતમાં મોટી સિંધોડીના હાલ હૈદ્રાબાદવાસી શ્રી કાંતિલાલ વાલજી નાગડાની સરસ મજાની વાત કહી.

શ્રી કાંતિલાલભાઇના ઘરે દેવકૃપાએ પૌત્રીના શુભ લગ્નનો અનુપમ અવસર આવ્યો તડામાર તૈયારીઓની વચ્ચે પોતાના વતન મોટી સિંધોડીને ન ભૂલ્યા. જેમની સાથે સોબતમાં રહી રમ્યા, ભણ્યા અને મોટા થયાં તેમને ભૂલ્યા વગર પ્રથમ યાદ કર્યા. ફોન ઉપર ફોન કરી પધારવા આજીજીઓ કરવા માંડ્યા. આમંત્રણ પણ એકલ પંડા આપશ્રીનું નહિ. સપ્રેમે સજોડે પધારવાનો આગ્રહ.

આખરે, શ્રી કૃષ્ણ સુદામાની મૈત્રીનો રંગ છવાયો. સહુ ૧૨ જણ મળી કાંતિલાલભાઈના આંગણે આવી પહોંચ્યા ઓતારા માટે અતિથિઓને અન્યત્ર જવાની સમંતિ દર્શાવી પરંતુ, કાંતિલાલભાઇ જેમનું નામ, ચોખ્ખું જણાવી દીધું જૂદાઇ ન જાણશો. તમે સહુ મારા પોતાના છો તમારે અન્યત્ર નહિ પરંતુ, સંયમગુણા નિવાસ (જે કાંતિભાઇએ ગુરૂમૈયા સાધ્વી સંયમગુણાશ્રીના અનંત ઉપકાર વશ તેમના નામથી ચાર માળનો બંગલો ઊભો કર્યો છે.) માં અત્થી ઇતિ સુધી આમજનો સમ સમાવેશ કર્યો. તેમના પુત્રો, વહુઓ સહુ રાજી રાજી થયાં તલ માત્ર ઓછું આણવા દીધું નહિ.

વિવાહ પરિપૂર્ણ બાદ મોટી સિંધોડી વાસીઓ રજા લઇ નજદીકના યાત્રાધામોએ માથું ટેકવી હૈદ્રાબાદ સ્ટેશનથી નિસરવાની તૈયારી કરી તો આશ્ચર્ય વચ્ચે પૂરી નાગડા પરિવાર 'આવજો' કરવા 'ફરી પધારજો' કહેવા હાજર હતો. સાથે રસ્તા માટે ભાથું પણ તૈયાર.

કાંતિલાલભાઇએ દાદા બાપા ભચુભાઇ ભોજરાજ અને માતુશ્રી મુરબાઇના સંસ્કાર સાકાર કર્યા અને મોટી સિંધોડીની માટીની સુગંધ ફેલાવી.

**- કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

**જાહેરાત આપનારાઓને નિવેદન**

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મો. નંબર મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

# વહીવંચા અને આપણો ઇતિહાસ - ધરમસી ગોત્ર - ૩

રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767

સુથરીનાં ધરમસી ખીંયસી આણંદ અને પીતાંબર આણંદ પરિવાર ભાટે તરીકે ઓળખાય છે. આ ઓળખ અંગે કોઠારાના મુ. શ્રી મુરજી નરશી લોડાયા જણાવે છે કે આ પરિવારોનો વસવાટ મહારાષ્ટ્રમાં ખાનદેશ ધુલીયામાં હતો. વરસો પહેલાં કચ્છમાંથી કચ્છી ભાટિયા મુંબઇ, મહારાષ્ટ્રમાં વસ્યા ત્યારબાદ આપણો વસવાટ થયો. મરાઠીમાં ધુલીયાને ધુલે તરીકે ઉચ્ચાર કરવામાં આવે છે. તેવીજ રીતે ભાટિયાને ભાટે તરીકે બોલાવતા. ભાટિયાની જેમ જ આપણે પણ કચ્છમાંથી ગયેલા અને આપણી ભાષા પણ ભાટિયાઓની જેમ સરખી કચ્છી હતી તેથી આપણને પણ ભાટિયા તરીકે ઓળખતા અને તેથી આ પરિવારોની છાપ (ઓળખ) ભાટે તરીકેની થઇ હશે.

સારંગ વેરાણીનો પરિવાર મુરજી વેલજી વીરમ સુથરીમાં છે. હીરજી પુંજા કુરપારનો પરિવાર ખેતસી તથા નાગશી હીરજી સુથરી હતા. મેઘણ ભીમાણી નલીયે હતા. જ્ઞાતિરત્ન શ્રી વીરજી લધાભાઇ ખીંયરાજ મેઘણ ભીમાણી છે. નાંઇયા પાચારીયા દેવરાજ રતનસી સોદે જખૌ જ્યારે ઠાકરસી માલસી જેસંગ મેઘણ સોદે પરિવાર કોઠારે રહ્યો. જેઠા ચાંપસીના વડિલ લખધીર મુરીઆણી તથા વીસર મેઘણના વડિલ ભોજા માલદે સુથરીમાં હતા.

સુથરીનાં દુદા માલદેઆણીના પુત્ર ધનાણીનો પરિવાર પુત્રો માણેક, પુંજો, મેરગ અને રાયસી હાલારમાં આવ્યા. માણેક, પુંજો અને મેરગ મોટી ખાવડીથી બેરાજા અને ત્યારબાદ રંગપુર વસ્યા જ્યારે રાયસી ધનાણી નાની ખાવડી વસ્યા.

પુંજા ધનાણીનાં પુત્રો કાનજી, વીરજી, મેરગ, હીરજી, હરધોર, ગોવિંદજી તથા પદમસીનું હાલારની નાતમાં સારૂં નામ હતું. એ જમાનામાં ૭ કે ૯ ટંકના નાત જમણ આપનારાઓની ગણના શ્રીમંત તરીકે થતી. ધરમસી વહીમાં ૭ ટંકનાં નાત જમણની એક માત્ર નોંધ પુંજા ધનાણીનાં નામે જોવા મળે છે. ૧) સવંત ૧૯૩૭ કારતક સુદ ૩ના કાનજી પુંજા વાંસે નાત જમણ આપ્યું (૨) સં. ૧૯૪૫ જેઠ સુદ ૧૦નાં પુંજા ધનાણી રામસરણ પામ્યા તે વાંસે પુત્રોએ હાલારની નાતને ૪ ટંકનું જમણ આપ્યું તથા નાતમાં કાંસાની થારીની લાણ કીધી (૩) સં. ૧૯૫૬ આસો સુદ ૫નાં મેરગ પૂંજાની ભારજા વાંસે નાત જમણ કીધું. (૪) સં. ૧૯૫૯ આષાઢ સુદ ૫ શા. મેરગ પુંજાણી અવસાન પામ્યા તે વાંસે નાત જમણ કીધું. (૫) સં. ૧૯૬૧ના કાનજી પુંજાની ભારજા રતનબાઈ રામસરણ થયા વાંસે નાત જમણ તથા ગાગરની લાણી (૬) સં. ૧૯૬૫ના શા. વીરજી પુંજાની ભારજા ડાહીબાઈ વાંસે નાત જમણ અને જરમન સિલ્વરનાં કળશીયાની લાણી (૭) સં. ૧૯૬૭ ભારદવા સુદ એકમનું પદમસી ભારજા માનબાઇ રામસરણ પામી તે વાંસે નાત જમાડી. (૮) સં. ૧૯૬૯ના સુદ ૧૫ના પુંજા ધનાણીની ભારજા રામસરણ પામી તે વાસે પુત્રોએ નાત મેડો કીધો છે. ટંક સાતનો મેડો કીધો છે. હાંડાની લાણી કીધી છે. ગામ રંગપુરનાં ચોકે, રાણા સંગ્રામસિંહની વારમા. આટલા બધા નાત તેડા જોતાં પુંજા ધનાણી પરિવારનો જ્ઞાતિપ્રેમ તથા શ્રીમંતાઇનાં દર્શન થાય છે. એક જ પરિવારના આટલા નાત જમણ/નાત મેડા હાલારમાં કદાચ પ્રથમ હશે.

સંવત ૧૯૧૮ના મહાસુદ ૫નાં વડસર જિનાલયમાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજીની પ્રતિષ્ઠા શ્રી ધરમસી ગોત્રનાં શ્રી હરધોર કરમસી ગોવિંદ ખેતસીએ કરાવેલ છે. તે ઉપરાંત સુથરીના ધરમસી ગોત્રના ઠાકરસી નાયકે તથા જસાપુરના નાગજી રણસીએ શેઠશ્રી કેશવજી નાયકે કરાવેલ ઐતિહાસિક અંજનશલાકા પ્રસંગે સંવત ૧૯૨૧ મહાસુદ ૭નાં જિનબિંબ ભરાવેલ છે. અગાઉ વડસર, ખુઅડે, ખીરસરે, વરાડિયે, રામપર વિગેરે ગામોમાં ધરમસી ગોત્રનો વસવાટ હતો તેવી નોંધો મળે છે.

**ધરમસી ગોત્રની પાંખડીઓ :**

**૧) છાદુરા :** અનુરાગ-લલિત-લક્ષ્મીચંદ-દામજી-રતનસી-હંસરાજ-હીરજી-કેશવ-દુદાણી-દેપાર-ગોસર-ખીમકરણ-તેજસી-દેવસી-દેરાજ-વીસર-ઓભાયા-ધરમસીઆણી.

**૨) નલીયા :** લક્ષ્મીચંદ-લાલજી-રાજદે-ખીંયરાજ-મેઘાણી-ભીમાણી-રામદે-માડણ-રતનસી-સોદે-ધરમુ-રામદે-મેકાણી-લખીયાણી-નાગપાર-ધરમસીઆણી.

**૩) ભરૂડીયા :** ઝીયાન-રાજીવ-વિનય-હંસરાજ-પદમસી-રૂપસી-વરસંગ-નરદે-રણસી-ભલીયા-સોજાણી-વેરાણી-ખેરાજ-ખેતસી-નોંધા-નરસી-મદૈયાણી-આસદેઆણી-ધરમસીઆણી

**૪) રંગપુર :** પરમ-દિનેશ-ત્રિકમજી-ખીંયસી-હરધોર-પુંજા-ધનાણી-દુદાણી-માલદેઆણી-સખીયાણી-દેવાણી-તેજપાર-મેકાણી-લખીયાણી-નાગપાર-ધરમસીઆણી

**૫) નાની ખાવડી :** અક્ષીત-રોહિત-મણીલાલ-મુલજી-પેથરાજ-રાયસી-ધનાણી-દુદાણી (આગળ નં. ૪ મુજબ)

**૬) કોઠારા :** પલક-પરેશ-મહેન્દ્ર-માણેકજી-ગેલા-દેવસી-લખમસી-પુનશી-ગેલા-પુંજા-ડુંગર-કાનાણી-વીરધોર-ડાયા-હેમાણી-આસણાંધ-ઉદેસી-કાંયા-રણમલ-ધરમસીઆણી.

અનુસંધાન પાના નં ૭ ઉપર

**ભુલ સુધાર :** અંક નં. ૨૬ પાના નં. ૧૦ ઉપર પ્રકાશિત થયેલ આ જાહેરાતમાં તાંત્રિક – માનવીય ભુલને કારણે થઇ ગયેલી ક્ષતિઓ બદલ ક્ષમસ્વ... જાહેરાતને નીચે પ્રમાણે વાંચવા વિનંતી.



**૭) સુથરી :** અભય-વેલજી-નાગસી-નરપાર-ચત્રભોજ-મેગરાજ-ખીંયરાજ-હરભમ-થારેયો-નરપાર-મણસી-તેજપાર-મેકાણી-લખીયાણી-નાગપાર-ધરમસીઆણી.

**૮) સુથરી :** રીતેશ-બિપિન-મોતીચંદ-નરશી-ચત્રભોજ-તેજપાર-લખમસી-ભારમલ-સવુ-દેવસી-ઘણપાર-રાજપાર-મણસી-પાલાણી-કાંયા-નરસી-મદૈયાણી-આસદેઆણી-ધરમસીઆણી.

**૯) સુથરી :** શાંતિલાલ-ઉમરસી-રામૈયા-રતનસી-મણસી-લાલજી-દેવજી-હધાણી-ખીંયસી-કલ્યાણ-રાજસી-પોનરાજ-માણક-દેઅસી-ગાંગાણી- મેરગ-આસદેઆણી-ધરમસીઆણી.

**વહીમાં અન્ય ઘણી પાંખડીઓ છે પરંતુ વસતી પત્રકમાં મળતી નથી. તેમજ વસતી પત્રકની અમુક પાંખડીઓ વહી સાથે લીંક મળતી નથી. આવી પાંખડીઓ :**

**૧) કોઠારા :** હિતેશ-મણીકાંત-રતનશી-ભવાનજી-જેઠા-ભોજરાજ-ખીંયસી

**૨) સુથરી :** યમીશ-લલિત-પ્રતાપ-વિસનજી-હીરજી-જેઠા-વીરમ-રાયસી

**૩) મંજલ રેલડિયા :** કેવલ-મહેશ-ટોકરસી-દેવસી-લાલજી-સોદે-લખમણ **(ક્રમશઃ)**


રિધ્ધી આર્ટ દાદર (ઇ)
(મોન્સુન ઓફર)

૧ ગ્રામ જ્વેલરી અમે. ડાયમંડ જ્વેલરી

A.D. પેન્ડન્ટ સેટ, A.D. નેકલેસ સેટ,
કુંદન સેટ, રજવાડી સેટ, એન્ટીક સેટ, ચંદનહાર,
ચંદનપાટલા, રોડીયમ બંગડી, રોડીયમ ચેન,
બાલી, વીટી માં મન મોહી લે એવી ડીઝાઇનો.

૧૦૦૦ ની ખરીદી પર મેળવો ૩૦૦ રૂ. ની કોઇ પણ એક જ્વેલરી ફ્રી ફ્રી
૧૫૦૦ ની ખરીદી પર મેળવો ૪૫૦ રૂ. ની કોઇ પણ એક જ્વેલરી ફ્રી ફ્રી
૨૦૦૦ ની ખરીદી પર મેળવો ૬૦૦ રૂ. ની કોઇ પણ એક જ્વેલરી ફ્રી ફ્રી
૨૫૦૦ ની ખરીદી પર મેળવો ૭૫૦ રૂ. ની કોઇ પણ એક જ્વેલરી ફ્રી ફ્રી
૩૦૦૦ ની ખરીદી પર મેળવો ૯૦૦ રૂ. ની કોઇ પણ એક જ્વેલરી ફ્રી ફ્રી
૪૦૦૦ ની ખરીદી પર મેળવો ૧૨૦૦ રૂ. ની કોઇ પણ એક જ્વેલરી ફ્રી ફ્રી
૫૦૦૦ ની ખરીદી પર મેળવો ૧૫૦૦ રૂ. ની કોઇ પણ એક જ્વેલરી ફ્રી ફ્રી

આ ઓફર નો અવશ્ય લાભ લેજો. પછી કહેતો નહિં અમે રહી ગયા.
ઘેર બેઠા પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરો. રોકાણ નહી.
ફક્ત ડિપોઝીટ. માલ ન વેચાય તો પાછો લઇશું.

રિધ્ધી આર્ટ
મિતેષ પ્રવીણ ગોસર : ૯૮૧૯૧૬૦૦૧૪ - ૨૪૧૫૫૩૫૩
ભરતક્ષેત્ર ની ગલી માં, દાદર (ઇ)

Jemini Dadar (E) - 9821007273


KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ • ઈમેલ : anantnathtrust@gmail.com

**સાનપાડા, નવી મુંબઇ સ્થિત**

## શ્રી આદિનાથજી દેરાસરજી

ની પ્રથમ વર્ષગાંઠ સં. ૨૦૭૪ અષાઢ સુદ-૨ને **શનિવાર** તા. ૧૪-૦૭-૨૦૧૮ના રોજ છે. વર્ષગાંઠ નિમિત્તે **પૂ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.**ની નિશ્રામાં નીચે મુજબ કાર્યક્રમ આયોજલ છે.

**અષાઢ સુદ-૨, શનિવાર તા. ૧૪-૦૭-૨૦૧૮**

| | | |
|---|---|---|
| સવારના ૮.૦૦ કલાકેથી | - | શ્રી અઢાર અભિષેક સહ<br>શ્રી સત્તરભેદી પૂજા |
| સવારના ૧૨.૩૯ કલાકે | - | ધ્વજારોહણ |

ધ્વજારોહણ બાદ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત સર્વ મંગલમય કાર્યક્રમમાં ભાગ લેવા સમસ્ત જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ છે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મંડળ, નવી મુંબઈ**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

# શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

દ્વારા સંચાલિત

# અનંત પેથોલોજી લેબ

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ** દ્વારા સંચાલિત
**અનંત પેથોલોજી લેબ**ના પ્રથમ વર્ષગાંઠ (૧૬ જુલાઇ) નિમિત્તે
મુંબઇ અને આજુબાજુના પરિસરોમાં વસતા જ્ઞાતિજનો તેમજ જૈનેત્તરો માટે
**ખુશ ખબર ! ખુશ ખબર !! ખુશ ખબર !!!**
બ્લડ ડોનેશન કેમ્પ, ઇ.સી.જી. અને અન્ય હેલ્થકેર પેકેજોનું આયોજન કરેલ છે.
તો સર્વે જ્ઞાતિજનો તેનો અચૂક લાભ લઇ શકે છે.




**બ્લડ ડોનેશન કેમ્પના લાભાર્થી પરિવાર**

## માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર
**(મોટી ખાવડી - ઘાટકોપર)**

અનંત પેથોલોજી લેબના પ્રથમ વર્ષગાંઠ ઉજવણી નિમિત્તે
**ત્રણ દિવસીય હેલ્થકેર ધમાકા ઓફર**
રવિવાર, ૧૫.૦૭.૨૦૧૮ થી મંગળવાર, તા. ૧૭.૦૭.૨૦૧૮
**ECG** માત્ર રૂા. ૧૦૦/- ના દરે સાથે હેલ્થકેર પેકેજ-૧ અને પેકેજ-૨ ડિસ્કાઉન્ટેડ દર સાથે ઉપલબ્ધ તદ્ઉપરાંત હેલ્થકેર પેકેજ-૩ ઉપર ફ્લેટ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ રહેશે. અન્ય મેડીકલ ટેસ્ટ ડિસ્કાઉન્ટેડ રેટ સાથે તો છે જ !

**અન્ય આકર્ષણ :**
એક દિવસીય **બ્લડ ડોનેશન કેમ્પ**
દિનઃ રવિવાર, ૧૫.૦૭.૨૦૧૮
સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૩:૦૦ સુધી
**મેડીકલ ટેસ્ટ રીપોર્ટ :** રાહતના દરે તો ઉપલબ્ધ છે જ.
સમય : લેબના રાબેતા મુજબના સમયે

## PACKAGE I
BODY PROFILE
CBC
LIPID
BSF/PP
LFT
RFT
URINE

મુખ્ય દર ~~₹1230/-~~
સેલીબ્રેશન ઓફર ₹999/-

## PACKAGE II
VITAMIN B12
VITAMIN D3
FT3 FT4 TSH
+ PACKAGE - I

મુખ્ય દર ~~₹3000/-~~
સેલીબ્રેશન ઓફર ₹2499/-

## સેલીબ્રેશન ઓફર FLAT DISCOUNT 10%
**ALL PATHOLOGY**
TESTING
EVEN
**METROPOLIS**
TEST

## રક્ત દાન છે મહાદાન...
આપના રક્તનું એક બિંદુ...
બનશે કોઇનું જીવન સિંધુ
આવો આપણે પણ રક્તદાન કરીએ.
કોઇને નવજીવન આપીએ.
આપણા સમાજને
વધુ સુંદર બનાવીએ.
*1st Year Celebration*
કરીએ એક સુંદર કાર્ય ...
**રક્તદાન** દ્વારા...

**Anant Pathology Lab**
5, Ground Floor, Ladhani House, Valji Ladha Road,
Opp. Hira Mongi Hospital, Mulund (West),
Mumbai - 400 080. **Mob.:** 8879990987
**Email :** anantpathlab@gmail.com
**Time :** Mon-Sat : 8 am to 9 pm Sun : 8 am to 1 pm

**4200**થી અધિક સંતુષ્ટ ગ્રાહકો

**સેલીબ્રેશન ઓફર :**
ફ્રી ડેન્ટલ ચેકઅપ અને
ટીથ ક્લીનીંગ માત્ર રૂા.૧૯૯/-
DENTCURE મુલુન્ડ
Dental Clinic

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ - સર્વે ટ્રસ્ટી ગણ**

## આરોગ્ય પ્રકાશ : માઈક્રોન્યુટ્રીન્ટસ્ : વિટામીન્સ અને મિનરલ્સ - ૩

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**(૪) ક્રોમિયમ :** પાલક, ડુંગળી, ટમેટા, બટેટા, આખું અનાજ, દ્રાક્ષ, ઓટસ્, સુકો મેવો, યીસ્ટ અને મશરૂમમાંથી મળે. એની ઉણપથી ડાયાબીટીઝ થવાની શક્યતા વધે. ખૂબ તરસ લાગે ચક્કર આવો.

**(૫) ફ્લોરાઈડ :** પીવાના પાણીમાં અને ચા માં મળે. ઉણપથી દાંતમાં કેવીટી થાય, હાડકાં નબળાં પડે, મોનોપોઝ (રજોનિવૃતિકાળ)માં હોય તેવી સ્ત્રીઓ / ના હાડકાં નબળા થાય. મોટી ઉમરમાં થાપાનું ફ્રેક્ચર થાય છે.

**(૬) આયોડીન :** આયોડાઈઝ્ડ મીઠું, સ્ટ્રોબેરી, દરિયાઈ વનસ્પતિ, લીલા પાંદડાવાળા શાક વગેરેમાંથી મળે. ઉણપથી થાયરોઈડ, હાર્મોન ઓછું ઉત્પન્ન થાય (હાઈપો થાયરોઈડ) થાયરોઈડ ગ્રંથી વધે, બાળકોમાં વૃદ્ધિ ની તકલીફ થાય.

**(૭) મેંગેનીઝ :** લીલા શાકભાજી, અનાનસ, સોયા પનીર, ઓટસ્, લાલ ચોખા, સોયાબીન અને લેટુસમાંથી મળે. એની ઉણપથી ઓસ્ટીઓપોરોસીસ, એનિમિયા, કાયમી થાક (ક્રોનિક ફટીગ સિન્ડ્રોમ) પ્રતિકાર શક્તિ ઓછી થાય, વારંવાર બિમારી થાય, હાર્મોનની ઈમ્બેલેન્સ થાય, પાચન અને ભૂખમાં ફેરફાર થાય, ગ્લુકોજની સેન્સીવીટીને અસર થાય, ચક્કર આવે, આંકડી (ફીટ) આવે, સાંભળવામાં તકલીફ અને લકવો થાય.

**૮) સેલેનિયમ :** આખું અનાજ, અખરોટ, જવ, મશરૂમમાંથી મળે સેલેનિયમ એન્ટીઑક્સીડન્ટ છે. તેની ઉણપથી શરીરનો વિકાસ બરાબર ન થાય, ખોપરીની ત્વચા (Scalp) સુકાય ત્વચાની તકલીફ થાય, હાઈ બી.પી. થાય, ચેપ જલદી લાગે.

**(૯) મોલીબ્ડિયમ :** ચોળી, વટાણા, તુવેર, પાપડી, ચણા, જેવી લીલી શીંગો, આખું અનાજ વગેરેમાંથી મળે. આની ઉણપથી ખાસ કાંઈ તકલીફ ન થાય પણ આ મિનરલ એન્ઝાઈમના કર્મને ઝડપી બનાવે છે. અને તેથી જ મોલીબ્ડિયમ ની ઉણપ કોઈક વ્યક્તિની મગજશક્તિને અસર કરે, મગજની કાર્યશક્તિ ઘટાડે અને ફીટ આંકડી આવી શકે.

**(૧૦) ક્લોરાઈડ :** ટેબલ સૉલ્ટ (મીઠું), પ્રોસેસ કરેલા ખાદ્ય સોયા સૉસ, વગેરેમાંથી મળે. આની ઉણપથી વાળ ખરે, દાંત જલદી નબળા પડે, સ્નાયુનું સંકોચન થાય, પાચનમાં વિક્ષેપ પડે, (પાચન માટે જરૂરી હાઈડ્રોક્લોરિક એસિડ HCL ના રૂપમાં હોય છે અને શરીરમાં પ્રવાહીનું પ્રમાણ જાળવે છે.)

અમેરીકા સ્થિત નેશનલ ઈન્ટીટ્યુટ ઑફ ડાયેટરી સપ્લીમેન્ટ ના ડૉ. પૉલ થોમસે સપ્લીમેન્ટ વિશે નીચેની વાતો જણાવી છે. (૧) દરેક વ્યક્તિએ રોજ ૧૦૦૦ મિ.ગ્રા. કેલ્શિયમ સપ્લીમેન્ટ તરીકે લેવું જોઈએ. ૬૦ વર્ષની વય પછી ૧૨૦૦ મિ.ગ્રા. જેટલું લેવું જોઈએ. મોટી ઉમરે હાડકાની તકલીફ (ઓસ્ટીઓપોરોસીસ) ન થાય માટે આ ખૂબ જરૂરી છે.

આપણે કુદરતી ખોરાકમાં એટલા જરૂરી પ્રમાણમાં કેલ્શિયમ મળે તેવી વસ્તુઓ ક્યારે પણ લઈ શકવાના નથી માટે જ કેલ્શિયમ સપ્લીમેન્ટ લેવા જોઈએ (૨) એજ રીતે ગર્ભવતી સ્ત્રીએ ફોલીકએસીડ (વિટામીન B8) ૬૦૦ યુનિટ જેટલું લેવું જોઈએ એ ખૂબ જરૂરી છે (૩) ઉંમર વધે તેમ કુદરતી પદાર્થો દ્વારા લીધેલા વિટામીન B12 પૂરેપૂરી રીતે આંતરડામાંથી નહિં શોષાય માટે સપ્લીમેન્ટ તરીકે લેવા જોઈએ. ડૉ. થોમસે જણાવ્યું છે કે ખોરાકમાં વિટામીન અને મિનરલ્સ ક્યા અને કેટલા લેવા જોઈએ એની ચર્ચા કરવાની છોડો, કારણ એ બન્ને માટે એટલી બધી માહિતી છે અને સમજ્યા વગર જ તમે તમારું ખોરાક યોગ્ય પોષણ આપનારું છે કે નહિં તેનું જ ધ્યાન રાખો. જરૂર મુજબ વિટામીન્સ અને મિનરલ્સ ગોળીઓ લેવી જોઈએ કારણ મોટા ભાગના લોકો સંતુલિત ખોરાક લેતા નથી, આ સિવાય મોટી તકલીફ એ છે કે મોટા ભાગે દર્દીઓ વિટામિન્સ અને મિનરલ્સ સપ્લીમેન્ટ સાથે તેમને થયેલા કોઈ રોગ માટે દવા લેતા હોય છે. આ દવાઓની ક્રિયા-પ્રતિક્રિયા (Interaction) ને કારણે પણ દરદીએ લીધેલા સપ્લીમેન્ટસ્ તેના શરીરમાં પુરે પૂરી રીતે શોષાતા નથી. દા.ત. તમે હાડકાને મજબૂત રાખવા રોજ કેલ્શિયમની ગોળી લેતા હો પણ એની સાથે બીજા કોઈ રોગ માટે પણ દવા લેતા હો તો સ્વાભાવિક છે કે તમે લીધેલ કેલ્શિયમનું શોષણ પુરેપુરું ન થાય. આ જ રીતે તમને બીજી એક વાતનું પણ ધ્યાન રાખવાનું છે કે તમે પૌષ્ટિક અને સંતુલિત ખોરાક લેતા હો તે ઉપરાંત વિટામીન્સ કે મિનરલ્સની પણ ગોળીઓ લેતા હો તો તેનો ઑવરડોઝ થવાની પણ શક્યતા છે.

આ રીતે વિટામીન્સ અને મિનરલ્સની મહત્તા સમજી સંતુલિત અને પૌષ્ટિક આહાર ઉપરાંત જરૂરી હોય તો ડૉક્ટરની સલાહ મુજબ વિટામીન્સ-મિનરલ્સના સપ્લીમેન્ટ લ્યો.

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.

સોમવાર બંધ

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ કોઠારા મહાજન

| | | |
|---|---|---|
| કોઠારા કચ્છ,<br>તા. અબડાસા,<br>પીનકોડ - ૩૭૦૬૪૫.<br>ફોન : ૦૨૮૩૧-૨૮૨૨૩૫ | સંચાલિત<br>**શ્રી કોઠારા પાંજરાપોળ**<br>**કોઠારા** | **મુંબઈ ઑફિસ :**<br>મે. કે. એન અજાણી, ૧૩૭,<br>અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૦૩.<br>ફોન : ૨૩૪૦૦૨૫૧ |

''**શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા**'' ૧૫૭ વર્ષથી સંસ્થા પશુસેવામાં કાર્યરત છે. આ સંસ્થા લૂલા, લંગડા, અપંગ, અશક્ત, ખોડખાંપણવાળા, વૃદ્ધ, આખલા, પાડા અને ત્યજી દીધેલા જાનવરોનું પાલન પોષણ કરવાનું કાર્ય કરી રહી છે. સંસ્થા પાસે હાલમાં **ટોટલ ૩૬૦ (ત્રણશો સાઈઠ)** જાનવરો છે. જાનવરો સીમાડામાં ચરવા જઇ શક્તા નથી કારણકે ગૌચર જમીન ઉપલબ્ધ નથી. જાનવરોનો ચારો અત્યંત મોંઘો થઇ ગયો છે. સ્થાનિકે પશુચારાની ઉપલબ્ધી જુજ જ છે. કચ્છ બહારથી ચારો મંગાવવું પડે છે. તેથી તેની કિંમત હજી વધી જાય છે. સેન્ટ્રલ ગવર્મેન્ટ/રાજ્ય સરકારની કોઇ ગ્રાંટ/મદદ ઉપલબ્ધ નથી. આ સંસ્થા પાસે કાયમી મોટો ભંડોળ (ફંડ) નથી. દાતાશ્રીઓના અનુદાનથી સંસ્થા ચાલે છે. એટલે હાલમાં સંસ્થાને ફંડની અત્યંત આવશ્યકતા છે. **હાલમાં માસિક ખર્ચ રૂપિયા ચાર (૪) લાખની આસપાસ છે.** માટે આપ સર્વેને નમ્ર અપીલ છે કે આપ શ્રી આ જીવદયાના કાર્ય મા આપનો યથા યોગ્ય અનુદાન આપી/અપાવીને સાથ સહકાર આપો એજ નમ્ર વિનંતી છે.

**(સંસ્થાની નીચેની વિવિધ યોજનાઓ માં પણ લાભ લઈ શકો છો)**

## કાયમી તિથી નકરા :

**કાયમી લાખેણા દાતાશ્રી રૂા. ૧,૦૦,૦૦૦/-**

**કાયમી જીવદયા તિથી ફંડ રૂા. ૧૧,૦૦૦/-**
**કાયમી ઘાસચારા તિથી ફંડ રૂા. ૫,૦૦૦/-**
**કાયમી પક્ષી ચણ તિથી ફંડ રૂા. ૧૦૦૦/-**
**કાયમી કુતરા રોટલા તિથી ફંડ રૂા. ૧૦૦૦/-**


## ચાલુ સાલે એપ્રિલ મે મહિનામાં દાતાશ્રીઓ પાસેથી પ્રાપ્ત થયેલ અનુદાન.

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૫૦,૦૦૦ | શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસરજી મુંબઈ |
| ૨૭,૦૦૦ | શ્રી કિરણ ચાંપશી પલાણી કોઠારા - ચુનાભટ્ટી |
| ૨૫,૦૦૦ | શ્રીમદ રાજચંદ્ર આશ્રમ સમિતિ - રાજનગર |
| ૧૧,૦૦૦ | શ્રીમતી દમયંતીબેન પુનમચંદ નાગડા- કોઠારા- વડોદરા |
| ૧૦,૦૦૦ | શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ સંઘ - સાંતાક્રુઝ |
| ૧૦,૦૦૦ | શ્રી વર્ધમાન સ્થાનક શ્રાવક જૈન સંઘ - દાદર |
| ૭,૦૦૦ | શ્રી ઉત્તમચંદ જેઠાભાઇ મુનવર - કોઠારા -મલકાપુર |
| ૭,૦૦૦ | શ્રીમતી ચંદનબેન ધનજી પાશ્વીર - કોઠારા - ઘાટકોપર |
| ૬,૦૦૦ | માતુશ્રી જયાબેન ટોકરશી શામજી - કોઠારા - ડોંબિવલી |
| ૫,૧૦૦ | વલી ગોદરા - સાંઘવ |
| ૫,૦૦૦ | શ્રી હરીભાઇ પરસોત્તમભાઇ - ધનાવાળા |
| ૫,૦૦૦ | શ્રી ખરતરગચ્છ જૈન સંઘ - ભુજ |
| ૫,૦૦૦ | શ્રી રાયશી વર્ધમાનની પેઢી - જામનગર |
| ૫,૦૦૦ | શ્રીમતી ભાવનાબેન રમણીક ગંગર - મોટી ખાખર |
| ૫,૦૦૦ | માતુશ્રી જેઠીબાઇ જિનાલય, વાસી, નવી મુંબઇ |
| ૫,૦૦૦ | શ્રી ધૈર્ય દિપક કુંવરજી ધરમશી - કોઠારા-નવી મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી પાર્શ્વ ભક્તિ SMPT - ડોંબિવલી |
| ૫,૦૦૦ | શ્રી સ્વ. હિરેન સોમચંદ ધુલ્લા - સુથરી |
| ૫,૦૦૦ | માતુશ્રી ખેતબાઇ હીરજી ખીચરાજ - કોઠારા-કાંજુરમાર્ગ |
| ૫,૦૦૦ | શ્રીમતી કાન્તાબેન માણેકજી ધરમશી - પુના |
| ૫,૦૦૦ | શ્રી ગાલા એજન્સી - મુંબઇ |
| ૫,૦૦૦ | શ્રી કલા કેન્દ્ર - દાદર |
| ૫,૦૦૦ | શ્રીમતી જવેરબેન હરશી ગડા - માપર |

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૩,૦૦૦ | શ્રીમતી શાંતાબેન શામજી છેડા - વાંકી |
| ૩,૦૦૦ | શ્રી દાદર કચ્છી જૈન સંઘ - દાદર |
| ૩,૦૦૦ | નાના ભાડીયા સ્થાને સચ્ચાઇ મા - નાના ભાડીયા |
| ૨,૫૦૦ | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - અંધેરી |
| ૨,૫૦૦ | શ્રી ભુપત કેશવજી છેડા - કુંદરોડી |
| ૨,૦૦૦ | શ્રીમતી તરલાબેન - મુંબઇ |
| ૨,૦૦૦ | માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા - સાંઘવ |
| ૨,૦૦૦ | શ્રીમતી તરલા તારાચંદ મોતા - કોઠારા - ભાંડુપ |
| ૨,૦૦૦ | શ્રી વસંત ખીમજી સોની - દેશલપર કંઠી |
| ૨,૦૦૦ | શ્રી જારા કુર્તી - મુંબઇ |
| ૨,૦૦૦ | શ્રી વિનોદચંદ્ર કાનજી જૈન - અંજાર |
| ૨,૦૦૦ | શ્રીમતી હંસાબેન ધનજી કુંવરજી - સાંતાક્રુઝ |
| ૧,૫૦૦ | શ્રી શાંતીનાથ જૈન શ્વેતાંબર સંઘ - ચુનાભટ્ટી |
| ૧,૧૦૦ | બાચાંબાઇ ઉર્ફે દમયંતી છેડા - મુંબઈ |
| ૧,૧૦૦ | શ્રી સુરેશ લાલજી છેડા - સુજાપર |
| ૧,૧૦૦ | રમેશ ઓ દોશી - સાંતાક્રુઝ |
| ૧,૦૦૧ | માતુશ્રી નવલબાઇ માણેકજી પાલાણી - કોઠારા |
| ૧,૧૦૦ | શ્રીમતી ધનબાઇ લખમશી મોતા - કોઠારા - મુલુંડ |
| ૧,૦૦૦ | શ્રી હુકમચંદ ધરમશી - મંજલ રેલડીયા |
| ૧,૦૦૦ | શ્રી યોગિની ચંદ્ર નાથજી - કોઠારા |
| ૧,૦૦૦ | શ્રી બખુભા મગુભા - કોઠારા |
| ૧,૦૦૦ | શ્રી મગનલાલ મુરજી ગાલા - મુંબઇ |
| ૧,૦૦૦ | શ્રીમતી હાંસબાઇ દેવજી સતરા - ગુંદાલા |

**નોંધ : આ સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્સ એક્ટ કલમ ૮૦ જી મુજબ રાહતપાત્ર છે.**

## કચ્છી કસબ - ૧૨૪






રચયિતા: **જયકાંત મોતા**

ઘાટકોપર (તેરા)

૯૮૧૯૬ ૨૮૩૮૨


**આડી ચાવીઓ -**

[૧] ધક્કો (૪); [૩] જાડી ચામડી નો (૩); [૫] લાંબો (૨); [૭] અડી ને (૩); [૮] હાસ્ય (૨); [૧૦] ચાળણી (૪); [૧૨] આ (૧); [૧૩] માથા ઉપર બાંધવાનો રૂમાલ (૩); [૧૫] સારું (૨); [૧૮] બળદ (૨); [૨૦] પૂછા કરવી (૪); [૨૩] સબંધી (૨); [૨૫] રમવું (૨); [૨૬] થાળી (૩); [૨૭] દિલાસો આપવા જવું (૪); [૨૯] કેળુ (૨); [૩૦] આટલા બધા (૨); [૩૨] ચલણ (૩); [૩૩] મમરા (૩); [૩૪] ઠંડો થઇ ગયો (૩); [૩૬] કુદ્યો (૨); [૩૭] વિશ્વાસઘાત (૨); [૩૮] બીજું (૧);

**ઊભી ચાવીઓ -**

[૧] આસ્તે આસ્તે (૪); [૨] મુઠીયો (૩); [૩] કોઇ પણ ચીજ ખોસીખોસીને ભરવી (૨); [૪] રાખવું (૨); [૬] પેશાબ (૩); [૯] દૂર (૨); [૧૧] વાંછટ (૩); [૧૪] પૂરેપુરું (૨); [૧૬] સુપડી (૪); [૧૭] કૂતરાઓ (૨); [૧૯] ઠોકર લાગવી (૪); [૨૧] લીટા પાડવા (૩); [૨૨] ઇયળ (૩); [૨૩] જેના કાન લાંબેનું પણ સાંભળે તે (૩); [૨૪] વાસણમાં ગોબા પડવા (૨); [૨૭] ઢીચણો (૨); [૨૮] મરી ગયો (૪); [૨૯] કકળાટ (૪); [૩૦] હળીમળી જવું (૩); [૩૧] મુઠી (૨); [૩૩] ખાંડવું (૨); [૩૫] ઇંડાઓ (૨);

# થાપા (લઘુકથા)

વિદાયની વેળા આવી પહોંચી હતી. કોમળ હથેળીઓને કંકુવાળી થાળીમાં બોળીને પોતાના ઘરની દીવાલ પર થાપા કરતી પ્રાચીને અંશુમાનભાઇ સજળ આંખે જોઇ રહ્યા. છાતી ઉપર સખત ભાર જેવું લાગ્યું. પ્રાચી ગામમાં જ પરણી હોત તો વાત અલગ હતી, પણ આ તો પંદર દિવસમાં અમેરિકા જવાની, હવે મોં મેળાપ થાય ત્યારે સાચો. ગાળામાંનો ડૂમો વજનદાર ગઠ્ઠો બની ગયો હતો.

અંશુમાનભાઇના ઘરની સામેના ઓટલા પરથી દિલીપભાઇ પણ ગમગીન ચહેરે આખો બનાવ જોઇ રહ્યા હતા. નાનપણમાં તો પ્રાચી રાત પડી જાય તો પણ પોતાના ઓટલેથી ખસવાનું નામ નો’તી લેતી. ઘણી વાર પોતાને ત્યાં જ જમી લેતી. દિલીપભાઇને પોતાની દીકરી તો હતી નહીં, પણ પ્રાચીને દીકરીથી પણ વધારે લાડ કરતા.

છેલ્લા દાયકામાં ઘણું બધું બદલાઇ ગયું હતું. ધંધામાંનો મતભેદ મનભેદ સુધી પહોંચી ગયો હતો અને દિલીપ અને અંશુમાન બંને સગા ભાઇ હોવા છતાં બોલવા ચાલવાનો સંબંધ નહોતો રહ્યો. મિજાજી અંશુમાનના કડપને કારણે પ્રાચી પણ ક્યારેય દિલીપકાકા અને કાકી સાથે વાત કરી શકતી નો’તી. બસ, વખત પહેલાં બાંધેલાં બંને ઘરો સામસામે ઊભાં રહીને કુટુંબની પોકળ આબરૂનો મલાજો જાળવતાં હતાં.

કંકોતરીમાં મોટાભાઇ અને ભાભીનું નામ સુધ્ધાં છાપવાની અંશુમાને પરવાહ કરી નો’તી. દિલીપભાઇ લોકલાજે લગનમાં હાજરી આપી ગયા હતા, પણ વિદાય વખતે મન મક્કમ કરીને પાછા પોતાના ઓટલે આવી ગયા હતા. એમને ખાતરી હતી કે અંશુમાનને જરૂર કરતાં વધારે વખત એમની હાજરી નહીં ગમે.

શણગારેલી કારમાં બેસતા પહેલાં પ્રાચી પાછી ઘર તરફ દોડી ગઇ હતી. હજી ત્યાં જ પડેલી થાળીમાં હાથ બોળીને પપ્પાની દરકાર કર્યા વગર એણે દિલીપભાઇને ઘરનો ઓટલો ચડી જઇને એમની દીવાલ પર બે થાપા મારી દીધા હતા.

‘બેટા, અંશુમાન હાર્ટનો નબળો છે, પણ તું સુખેથી જા. એને ગમે કે નહીં, આજથી હું અને તારી કાકી થોડા દિવસ માટે તારા ઘરે રહેવા જતાં રહીએ છીએ, એને શાતા વળી જાય પછી જ પાછા...’ અવાજ રૂંધાઇ ગયેલા દિલીપકાકા પ્રાચીને ભેટી પડ્યા હતા. પ્રાચીને લઇને સોસાયટીની બહાર કાર નીકળી ગઇ હતી અને બંને ઘરની દીવાલો પર લાગેલા થાપા એકબીજા સામે મલકી રહ્યા હતા.

**- હેમલ વૈષ્ણવ**

**કચ્છી કસબ - ૧૨૪ નો ઉકેલ**

**આડી ચાવીઓ -**
(૧) હડસેલો (૩) મસર (૫) લમો (૭) લગીને (૮) ખેલ
(૧૦) હરવારો (૧૨) હી (૧૩) મેસર (૧૫) ખાસો (૧૮) ઢગો
(૨૦) પડતારે (૨૩) સગો (૨૫) રમ (૨૬) પાલડી
(૨૭) ગુડાવર (૨૯) કેલો (૩૦) હેડા (૩૨) વાયરા
(૩૩) કોમરા (૩૪) ઠઇર્યો (૩૬) ટપે (૩૭) ઠાગો (૩૮) બ્યો

**ઊભી ચાવીઓ -**
(૧) હરેહરે (૨) લોલરો (૩) મને (૪) રખે (૬) મોતર
(૯) લમે (૧૧) વાછંટ (૧૪) સજો (૧૬) સોપલાડી
(૧૭) કોતા (૧૯) ગોળથાલો (૨૧) રેગાડા (૨૨) ગડર
(૨૩) સરવા (૨૪) ગોમ (૨૭) ગુડા (૨૮) વટાયવ્યો
(૨૯) કેકરાટ (૩૦) હેરીર્યો (૩૧) મોઠ (૩૩) કોટ (૩૫) ઇનાં

## અભણ (લઘુકથા)

**– સંકલન – કુમાર દંડ** (તેરા)

દીકરાનું ૧૨માંનું પરિણામ આવ્યું... પપ્પા બોલ્યા વાહ બેટા સરસ... રસોડામાં દીકરાના પરિણામની રાહમાં લાપસી બનાવતી તેની પત્નીને સાદ પાડ્યો, એ સાંભળે છે ? આપણો દીકરો ૧૨માં ધોરણમાં ૯૮% સાથે પાસ થયો છે... તેની પત્ની દોડતી-દોડતી આવી. બોલી બતાવો મને પરિણામ ! દીકરો બોલ્યો એ ઇંગ્લીશમાં છે, મમ્મી તું 'અભણ' છે ને, તું રેવા દે, તને ખબર નંઇ પડે.

માંની આંખ છલકાઇ ગઇ પણ બિચારી કંઇ બોલી ના શકી. ત્યારે તેના પપ્પા બોલ્યા, બેટા અમારા લગ્નના ત્રણ મહિનામાં તારી મા ને ગર્ભ રહ્યો હતો, મેં કહ્યું ચાલ abortion કરવી લઇએ, હજુ તો જિંદગીમાં કંઇ ફર્યા જ નથી આપણે, ત્યારે તેણે મારી વાત નો વિરોધ કર્યો, કારણ કે તે 'અભણ' છે.

તારી મા ને દૂધ નથી ભાવતું પણ તને પોષણ મળે એ માટે તેણે ૯ મહિના દૂધ પીધું, કારણ કે તે 'અભણ' છે...

તને સવારે૭ વાગ્યે શાળાએ મોકલવા એ પોતે ૫ વાગ્યામાં જાગી ને તારા માટે તને ભાવતો નાસ્તો બનાવતી, કારણ કે તે 'અભણ' છે... તું રાત્રે વાંચતો-વાંચતો સુઇ ગયો હોય ત્યારે બુક વ્યવસ્થિત મૂકી, તને ગોદડું ઓઢાડી, તારો મોબાઇલ ચાર્જમાં મૂકી, હળવેક થી બત્તી બંધ કરી દેતી, કારણ કે તે 'અભણ' છે...

આજ સુધી તે પોતે 'દેશી' હોવા છતાં પણ તને 'વિદેશી' સગવડો આપી છે, કારણ કે તે 'અભણ' છે... તું નાનો હતો ને ત્યારે રાત્રે બીમાર પડી જતો, આખી રાત તારા માટે એ જાગતી રહે અને સવારે વળી પાછી પોતાના કામમાં વળગી જાય, કારણ કે તે 'અભણ' છે.... તને સારા કપડાં પહેરાવવા તે પોતે સસ્તી સાડીમાં ચલાવી લેતી, કારણ કે તે 'અભણ' છે....

બેટા ભણેલાઓને તો પ્રથમ પોતાનો સ્વાર્થ દેખાય, પણ તારી મા એ આજ સુધી ઘરમાં પોતાનો સ્વાર્થ નથી જોયો, તે આપણું જમવાનું બનાવવામાં ક્યારેક પોતે જમતા ભૂલી જતી... તેથી હું ગર્વથી કહું છું કે મારી જીવનસંગીની 'અભણ' છે... દીકરો આટલું સાંભળી રડી પડ્યો અને બોલ્યો : મા હું તો માત્ર કાગળ પર જ ૯૦% લાવ્યો છું, પણ મારા જીવન ને ૧૦૦% બનાવનારી પ્રથમ શિક્ષક તું છે... અને જે શિક્ષકનો વિદ્યાર્થી ૯૦% લાવતો હોય, તે શિક્ષક પાસે કેટલું જ્ઞાન હશે એ તો હું વિચારી જ ન શક્યો...

મા આજે ૯૦% સાથે પણ 'હું' 'અભણ' છું, અને તારી પાસે પીએચડી થી પણ ઉંચી ડિગ્રી છે....

કારણ કે આજે મેં 'અભણ'મા ના સ્વરૂપમાં 'ડોક્ટર', 'શિક્ષક', સારી સલાહકાર '(વકીલ)', મારા કપડાં ને સિવતી 'ડિઝાઇનર' અને બેસ્ટ 'કૂક' વગેરે ના દર્શન કર્યા છે...




**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા**

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ – ૩૭૦૬૪૦.**

**જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ**

૧૨૫ વર્ષથી અધિક સમયથી જીવદયામાં પ્રવૃત જખૌ પાંજરાપોળમાં હાલ ૨૦૯ ઢોરોનો નિભાવ થઇ રહ્યો છે જેનો માસિક ખર્ચ રૂપિયા ૩ લાખ જેટલો છે, જે જીવદયા પ્રેમી ઉદાર દાતા તથા સંઘો, ટ્રસ્ટ, સંસ્થાઓના દાન તથા સહયોગથી પુરૂં કરાય છે.

**વાર્ષિક સહાયતા યોજના :** દાતાઓની વિનંતી અને સંસ્થાની જરૂરિયાતને લક્ષમાં લઇ આ યોજના બનાવી છે. માસિક રૂા. ૧,૦૦૦/-ના દાન લેખે ૧૨ મહિનાના રૂા. ૧૨,૦૦૦/-નું દાન એકસાથે/હપ્તામાં/માસિક દાતાની અનુકુળતાએ સ્વીકાર્ય છે. આ યોજનાને દાતાઓનો ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે. અત્યાર સુધી ૭૩ દાતાના નામ પ્રકાશ સમીક્ષામાં જાહેર કર્યા છે. ત્યારબાદ નીચે મુજબ ૪ દાતા દ્વારા દાન મળેલ છે. **૭૪) શ્રી લોકેશ ભાગચંદ જૈન, કોઠારા,** મુલુંડ **૭૫) શ્રીમતી જયલક્ષ્મી વી. ડાઘા,** અમદાવાદ **૭૬-૭૭) શ્રી વિશનજી ધારશી મોમાયા પરિવાર,** જખૌવાલા, શ્રી શત્રુંજય તીર્થની પરિવાર યાત્રા તથા પૂજ્ય સાધ્વી શ્રી યશોદયશ્રીજી મ.સા.ના સંયમ જીવનની અનુમોદનાર્થે પ.પૂ. સુસાધ્વી શ્રી મહોદયશ્રીજી મ.સા.ની પ્રેરણાથી જીવદયા માટે ભેટ.

**રૂા. ૨૫,૦૦૦/- (રૂા. ૨૪,૦૦૦/-, રૂા. ૧૦૦૦/-) દાતાઓને ઉદારતાથી આ યોજના મૂજબ જીવદયામાં સહભાગી થવા હાર્દિક વિનંતી.**

**નીચેના દાતાઓ દ્વારા ઉદાર અનુદાન મળેલ છે :** ૧) રૂા. ૨૫,૦૦૦/- શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ, સાંતાક્રુઝ વેસ્ટ મુંબઈ, ૨) રૂા. ૨૦,૦૦૦/- શ્રી શાન્તીનાથ ભગવાન દેરાસર, લોનાવાલા, ૩) રૂા. ૫,૦૦૧/- શ્રીમતી મંજુલા કેશવજી નાગડા, જખૌ-પૂના, ૪) રૂા. ૫૦૦૦/- શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિ પૂ. જૈન સંઘ, (સાન્ધાણી), ઘાટકોપર વેસ્ટ)

**નીચેના વિગતે ઘાસચારો ચણ ભેટ મળેલ છે :** શ્રી નવી જથ્થાબંધ માર્કેટ ગૌસેવા સમિતિ, ભુજ ૧) નીરી જુવાર મણ ૧૪૭, અંદાજે રૂા. ૧૯,૦૦૦/- ૨) ચોખા ઘાસ ગાંસડી ૧૦, કીલો ૧,૦૦૦ રૂા. ૨,૦૦૦/-, ૩) જુવાર ચણ પક્ષી માટે કીલો ૫૦ રૂા. ૧,૧૦૦/-

**દાન ઇન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.**

**સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name :** Sri Jakhau Panjrapol Trust & Gaushala

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

લિ. **શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ – થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**તા.ક.: ઑડિટ રિમાર્કના કારણે શ્રી અરિહંત બેંકનું ઍકાઉન્ટન્ટ બંધ કરેલ છે.**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### આદીનાથ જિનાલય ભાંડુપની ૭૨મી વરસ ગાંઠે

જેઠ સુદ ૯,૧૦,૧૧ના ત્ર્યાન્હિકા મહોત્સવે જેઠ સુદ ૯ ના પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા શ્રી ક.દ.ઓ. મહિલા મંડળે લય, તાલ અને સૂરે ભાવથી ભણાવી. રાતે અનંત મિત્ર મંડળે ગચ્છ રખવાળી મહાકાલી માની ભાવના ભાવી.

જેઠ સુદ ૧૦ના અઢાર અભિષેક પૂ. યતી શ્રી મોતિસાગરજી મ.સા. અભિષેકની ગહન સમજ આપી પંચમ સ્વરના શુધ્ધ મંત્રોચ્ચારે કરાવ્યા. મુખ્ય આદેશ્વર દાદાના અભિષેક ૫૫૫૫ મણમાં વિજયાબેન કુંવરજી લોડાયા પરિવારે કર્યા અને અષ્ટપ્રકારી પૂજાના ઉપકરણના થાળો ભેટ ધર્યા. ચલીત પ્રતિમાજીના લાભાર્થીઓ ઉપશ્રયમાં લાઇનસર બેસી ઉછળતા ભાવે કર્યા. આ સાથે સર્વ દેવ દેવીઓના અભિષેક પણ ચડતા પરિણામે લાભ લઇ કર્યા. બંને દિવસે સંગીતકાર ભરત શાહના સંગીતે ગૂંજી ઉઠ્યું. મહોત્સવ દરમ્યાન રોજ મુજરો, સ્નાત્ર રોશની અને ભવ્ય આંગી રચાઇ. અભિષેકની પૂર્ણાહૂતીએ શ્રી સંઘ તરફથી સ્વામીભક્તિ કરાવવામાં આવી.

મહોત્સવે પૂ. મુનીરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ભાંડૂપ ભૂષણ ગુણવલ્લભસાગરજી મ.સા. પંચ ચૈત્યો જુહારી ૧૦૦ યાત્રિકો સાથે પધારતાં સાહેબજીનું ભવ્ય સામૈયું કરી, માંગલીક શ્રવણ બાદ ૨૦૦ જણને શ્રી સંઘે નવકારશી કરાવવામાં આવી. મહોત્સવ અગાઉ પૂ. સા. શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા.,પૂ. સા. શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ. મૌનગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨૨ પધારતાં મહોત્સવનો માંડવો 'વાચના' કાર્યક્રમની યાદ અપાવી ગયો. શ્રી ભાંડુપ સંઘના ડીમ્પલ લોડાયા, ગીતા લોડાયા, મીનલ નાગડા, તોરલ દંડ, મધુબેન ડાઘા, હર્ષા દંડ આદી સંખ્યાબંધ શ્રાવકગણે વંદનીય વૈયાવચ્ચ કરી. પધારેલ સૌ મહાત્માઓએ વીરરસ ખોબલે પીવડાવ્યું.

ચંદ્રદર્શન માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા પરિવાર તથા સુર્યદર્શન આણંદ પરિવાર હ. માતુશ્રી નવલબેન બાબુભાઇ દંડ પરિવાર કરાવતાં આરતી મંગલ દીવાનો લાભ અ.સૌ. કીંજલ જય ડાઘા વરાડીયાવાળાએ લીધો.

જેઠ સુદ ૧૦મા ગચ્છ કચ્છ અને નાતના ગૌરવરૂપ સુથરીના મહતરા સા. શ્રી શીવશ્રીજી મ.સા. દીક્ષા દિવસ હાતાં ૫૦ જણે સમુહ સામાયીક કર્યું. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. એ શીવશ્રીજી મ.સા.ના ગૌરવરૂપ ગુણાનુવાદ કરી શ્રધ્ધાંજલિ અર્પી.

લહેરચંદભાઈ મૈશેરીએ સુત્ર સંચાલન કર્યુ. શ્રી યોગેશ પટેલ અને શ્રી મનોજ લોડાયાએ અનુમોદનીય દોડધામ અને વ્યવસ્થા સંભાળી.

ત્રીજા દિવસ જેઠ સુદ અગીયારસ : સવારના ૯.૧૫ મુનીરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., મુનીરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. તથા સા. શ્રી હંસગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૨૨ના ચર્તુવીધ સંઘની હાજરીમાં પૂ. શ્રી મોતીસાગરજી મ.સા.એ માંગલીક ફરમાવી અષ્ટમંગલ, દશ દિગપાળ તથા નવગૃહનું પૂજન શુદ્ધાચારે કરાવ્યું. ધ્વજા ફરકાવવાનો લાભ ૨૫૨૨૫ મણ માં શ્રી હીરાચંદ મણશી ગોશર તથા શરદ સોમચંદ લોડાયા સાંધવવાળા પરિવારે હર્ષોલ્લાસે લીધો.

ભરત શાહે, સત્તરભેદી પૂજા શાસ્ત્રીય રાગ રાગિણીએ ભણાવી ક્ષેત્રપાલ દાદાની ધ્વજા માતુશ્રી રતનબેન હિરાલાલ હ. કેતુલ પરિવાર ફરકાવી. ટ્રસ્ટી શ્રી ચેતનુકમાર મોમાયા,

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ - મોટી સિંધોડી

#### ખાસ સામાન્ય સભાનો પરીપત્ર

આપણા ગામના જ્ઞાતિજનોની એક ખાસ **સામાન્ય સભા રવિવાર, તા. ૦૮-૦૭-૨૦૧૮ના સાંજના ૩.30થી ૬.00 કલાક દરમિયાન દેવપૂંજ હૉલ, મુલુંડ (વેસ્ટ)** મુકામે નીચે જણાવેલ કાર્યસૂચી માટે મળશે.

૧) આપણા ગામના જિનાલયના જિર્ણોધ્ધાર સંબંધી ચર્ચા-વિચારણા કરી અંતીમ નિર્ણય લેવા બાબત. (જિનાલય એક શિખરીય સાથે બે સામરણ, સંપૂર્ણ નુતન જિનાલય, જિનાલયનું મુખ પૂર્વ દિશા તરફ, જિનાલયની સાઇઝ છે એના કરતા થોડી વધારે, અંદાજીત ખર્ચ રૂા. બે કરોડ, સમય મર્યાદા લગભગ બે થી અઢી વર્ષ... આ બધી ખૂબજ જરૂરી ચર્ચા-વિચારણા હોવાથી સર્વે ગામવાસીઓની હાજરી જરૂરી રહેશે.)

૨) સ્થાનિકે અતિથિગૃહ બાબત

૩) પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે.

આપનું અમુલ્ય માર્ગદર્શન આપવા સૌ સમયસર પધારશોજી.

**(નોંધ : સભાને અંતે સૌ સાથે મળી અલ્પાહાર કરશું)**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ - મોટી સિંધોડી વતી**

મે.ટ્રસ્ટી : **શ્રી તિલકભાઈ લોડાયા** પ્રમુખા : **અ.સૌ. હર્ષાબેન લોડાયા**

માનદ્ મંત્રીઓ : **શ્રી હરીશભાઈ મોમાયા, શ્રી લહેરચંદભાઈ મૈશેરી**

વીરચંદભાઈ લોડાયા, શ્રી કમલેશ સોની, ચીમનભાઇ મોતા, લક્ષ્મીચંદ લાલજી, રાજેષભાઇ, કમલેશ શિયાળ આદી સંખ્યાબંધ મહાનુભાવોએ હાજરી આપી. સ્વામીભક્તિના ૫૦૦, રૂા. આનીના ૧૭૭, આનીના રૂા. ૮૮૫૦૦/- નોંધાયા મુંબઈ મહાજનશ્રી એ યોજેલ સ્વામી ભક્તિમાં ૫૦૪ જણે લાભ આપ્યો. ૧૨/૩૯ ધ્વજા લહેરાવતાં મેઘરાજા સાથે સંઘની મહિલાઓ પણ મન મૂકીને નાચી.

**શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના આંગણે બૃહદ મુંબઈના અચલગચ્છીય સંઘોનું મિલન**

જેઠ સુદ બારસના પૂ. મુનીરાજ શ્રી ઉદયરત્ન સા. અને વ્યાખ્યાન વક્તા મુનીરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. અને ૨૨-૨૨ સા. ભગવંતોની ઉત્સાહીત નિશ્રામાં શ્રી ભાંડુપ સંઘ આયોજીત અચલગચ્છીય સર્વ સંઘો માટે સંભવત પ્રથમવાર સ્પેશિયલ માર્ગદર્શન. શિબિરનું આયોજન કરતાં વરસતા વરસાદે પણ સાહેબના પ્રભાવે ૫૮ સંઘોના ૩૩૮ સભ્યો હાજર રહી પીનડ્રોપ શાંતીએ શ્રાવણ કર્યું. ગુરૂવંદના પછી મુનીશ્રીઓના યોગ-મુદ્રાએ નવકાર મંત્રનું પઠન કર્યું. શ્રી લહેરચંદભાઇ મૈશેરીએ સૌને બીરદાવી આદરથી આવકારો આપ્યો. ચિંતન અને મનના દીપનું પ્રાગટ્ય વીધી પક્ષ સંઘના મંત્રી શ્રી પ્રવીણ ટોકરશી લોડાયા, અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કમલેશ સોની, ચેતનકુમાર મોમાયા, મુંબઇ મહાજનશ્રીના મંત્રી શ્રી રમેશભાઇ લોડાયા, ભાંડુપ સંઘના શ્રી કુમારભાઇ દંડ, શ્રી મનોજ અને સમસ્ત મહાજનના મંત્રી શ્રી રાજેષ છેડાએ કર્યું. મુનીશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. એ લાક્ષણીક છટામાં શ્રી સંઘોને સંઘનું સુકાને સંભાળતા પારદર્શક અને સુચારૂ સંચાલન કરવા (૧) ગ્રાફીક પાવરથી સજજ હોય (૨) પદાધિકારીઓ વ્યસનમુક્ત હોવા ઘટે.(૩) સંઘની વૃદ્ધિ માટે સમન્વય કરવાની ત્રેવડવાળા હોવા (૪) હૃદયની ઉદારતા વાળા હોવા (૫) હું સૌનું સાંભળુ અને સૌને સંભાળું તેવા ભાવ હોવા ઘટે. આ વાતો એક ધ્યાને સાંભળી સૌ સંઘોને તથા સા. ભગવંતોને પણ કોઇ કાર્યે મદદરૂપ થાય તેવા ફોર્મ ભરી પ્રકાશીત કરવા નિર્ણય લીધો.

સાંતાક્રુઝ ક.વી.ઓ. અચલસંઘના સભ્યો સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ માટે એક બસ ભરીને સભ્યો આવી ચા.મા.નો જયઘોષ કર્યો. ભાંડુપના સા. શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.ની ચા.મા. અષાઢી બીજનો છે. તેનું આમંત્રણ અપાયું. અન્ય સંઘોએ પણ ચા.મા. પ્રવેશનું આમંત્રણ આપ્યું. મુનીશ્રીઓના હાથે વાક્ષેપ લેવા લાંબી લાઇન લાગી.

પધારેલા સર્વ મહેમાનો માટે શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપે વ્યવસ્થા કરતા સવારના ૨૦૦ જણે નવકારશી અને બપોરના ૩૦૪ જણે સ્વામીભક્તિનો લાભ આપ્યો. ભાંડુપ સંઘના યુવા કાર્યકર શ્રી મનોજભાઇ લોડાયાએ અથાક મહેનત કરી. શ્રી સંઘે સંઘપૂજન કર્યું.

આ પરિણામલક્ષી શિબિરના આયોજન બદલ પ્રવીણ લોડાયાએ ખુશી વ્યક્ત કરી. જતાં જતાં સૌ પદાધિકારીઓએ પણ અનુમોદના કરી બીરદાવલી કરી.

ભાંડુપ સંઘે ઉપરા-છાપરી સા. શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.ના મહાભદ્ર તપના પારણાં આ.ભ. કલાપ્રભસાગરજી મ.સા.ના ૭૫મા જન્મદિવસની ઉજવણી, આ.ભ. મહોદય સાગરજી મ.સા. આદિઠાણા ૯૦ સાથે વાંચના કાર્યક્રમ આદી કાર્યો સ્વ. સુઝ-બુઝ અને ઘગશથી કરી અન્ય સંઘોમાં આગેવાન સંઘ સમા થઇ આદરનું આસનીયું બીછાવ્યું છે. અચલગચ્છીય સંઘો જાગૃત થાય. પારદર્શીક વ્યવહાર જાળવે એવું જણાવી શ્રી મનોજ લોડાયાએ સુઝબુઝથી સાહેબ સાથે મળીને કાર્યક્રમ યશસ્વી કર્યો.

**આરોગ્યના અમૃત**

પ્રમિલા કુરૂવા ફાઉન્ડેશન, અમદાવાદ પ્રકાશિત લેખનને સંપાદન ચૌલા કુરૂવાનું આ પુસ્તક આરોગ્યની દ્રષ્ટીએ ઉત્તમ એવા ૩૦ જેટલા ખાદ્ય પદાર્થોના જેમ કે મસાલા, ડ્રાયફ્રુટ, અનાજ, ફળ, શાક વગેરેનો સમાવેશ કરી છે. તેમજ રોગ, બીમારી વગેરેમાં મદદરૂપ થાય તેવા ઇલાજ અને ઉપયોગી વિટામિન્સની માહિતી આપે છે. માહિતી આપતું ઉત્તમ અને ઉપયોગી પુસ્તક ફી રૂા. ૧૫૦/- છે.

**eshabda.com** પર ઇબુક ઉપલબ્ધ છે. મોબાઇલ અને વૉટ્સઅપ નં. **9913012120.**

**શ્રી શત્રુંજય એકેડેમી બહુમાન કાર્યક્રમ**

શ્રી દેવલાલી નગરે, શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ.આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા એવં શુભાશીર્વાદથી એમનાજ આજ્ઞાનુવર્તીની શાસન પ્રભાવિકા પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની દિવ્યકૃપાથી એમના સુશિષ્યા સા. જયદર્શિતાશ્રીજી મ.સા. આષાઢ સુદ ૫ મંગળવાર ૧૭ જુલાઇ ૨૦૧૮ના સવારના ૯ કલાકે ચાતુર્માસનો મંગલ પ્રવેશ કરશે.


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

એજ દિવસે બપોરના ૨ કલાકે શ્રી શત્રુંજય એકેડેમી દ્વારા લેવાતી શ્રી શત્રુંજય-મુક્તિ-સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમની આ વર્ષની બધીજ પરિક્ષાઓમાં ચંદ્રક વિજેતા-શિષ્યવૃત્તિ મેળવનાર, વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવશે.

એજ દિવસે બપોરના ૨ કલાકે 'પ્રભુ મિલનનો પંથ' તથા 'પૂર્ણતાનો પંથ 'ઘર બેઠા પરીક્ષામાં પ્રથમ પાંચ ક્રમાંક મેળવનાર જ્ઞાન પિપાસુઓનું બહુમાન કરવામાં આવશે. તો સહુએ પોતાનું બહુમાન સ્વીકારવા-પધારવા હાર્દિક આમંત્રણ છે. સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી આ ટ્રસ્ટની સ્થાપના અને શરૂઆત કરવામાં આવેલ. પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો સરળતાપૂર્વક ચાલે છે. દર બુધવારના ગરીબોને ભોજન આપનાર દાતાઓનો નકરો : ૧) પ્રવીણભાઇ (પાચોરા) નકરો, ૨) નેમીચંદ પદમશી નાગડા , ૩) નિર્મલા નેમીચંદ નાગડા, ૪) જમકુબાઇ પોલડીયા, ૫) એક સદ્ગૃહસ્થ (ચાલીસગામ), ૬) હિરાચંદભાઇ દામજી લોડાયા (હસ્તે હેમાબેન લોડાયા (કોઇમ્બતુર), ૭) એક સદ્ગૃહસ્થ (ચાલીસગામ), ૮) પદમશી વેલજી લોડાયા (હસ્તે ગુણવંતીબાઇ, હુબલી-સુથરી).

**અબડાસામાં કપાસના પાકમાં રોગચાળો દેખાયો**

અબડાસાના કેટલાંક ગામોમાં કપાસનાં ફાલમાં એકાએક રોગચાળો દેખા દેતાં ખેડૂતોની ચિંતા વધી છે.

તાલુકાનાં પાંચેક ગામો પરજાઉ, વારાપધર, વાંકુ, લાલા, સહિતના કેટલાંક ગામોમાં ગત મેના બીજા પખવાડિયામાં વાવેતર કરનાર ખેડૂતોના કપાસના ફાલનાં પાંદડાં પીડા પડી ગયા છે, એટલું જ નહીં કપાસનો છોડ વૃદ્ધિ કરતો નથી. હાલે છોડની લંબાઇ ૧૨ થી ૧૪ ઇંચ હોવી જોઇએ. તેનાં બદલે ૬ થી ૮ ઇંચ જેટલી જ છોડ વૃદ્ધિ પામી શક્યો છે, તેવું જણાવી કેટલાક ખેડૂતોએ ઉમેર્યું હતં કે, ઘણા બધા ખેડૂતો સામાન્ય બિયારણનો ઉપયોગ કર્યો હતો, તેનું આ પરિણામ હોઇ શકે. એકંદર પાંચેક હજાર એકર જમીનમાં કપાસના ફાલમાં આ પ્રકારની મુશ્કેલીનો ખેડૂતો સામનો કરી રહ્યા છે. ખેતીવાડી ખાતા દ્વારા વાવેતર સ્થળની મુલાકાત લઇ સાચું કારણ આપી કપાસનો ફાલ બચાવી શકાતો હોય તો ખેડૂતોને માર્ગદર્શન આપવું જોઇએ તેવી માગણી ઊઠી છે.

**શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

મંડળ દ્વારા આયોજીત સ્વર્ણીમ વર્ષ શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાલી માતાજીની ભાવના ૨૨-૭-૨૦૧૮ના રાતના ૮.૩૦ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડ, મુલુંડ મધે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી કુંવરજી વિરલ શાહ પરિવાર - ભરૂડીયાવાળાએ લીધેલ છે. ભાવનામાં રીધ્ધી સીધ્ધી મંડળ પધારશે.

આવતા માસની ભાવના ૧૮-૮-૨૦૧૮ના છે. જેનો લાભ શ્રી લહેરચંદ નરશી મૈશેરી પરિવાર-મોટી સિંધોડીવાળાએ લીધેલ છે.

**શ્રી પારોલા તીર્થ**

શ્રી પારોલા તિર્થના સાત મહાજન શ્રાવક શ્રાવિકા સાથે તેમજ ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિના મેમ્બરો પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ના મળેલ ચાતુર્માસની જય બોલાવવા ૨૪-૬-૨૦૧૮ના પારોલા થી મલકાપુર પ્રયાણ કરેલ ત્યા પૂ. સાધ્વી શ્રી ના પ્રવચનનો લાભ લઇ મલકાપૂર સંઘના પ્રમુખ શ્રી શેઠ તીલોકચંદ નરશીભાઇ દંડએ પારોલા સંઘનું બહુમાન કરેલ ત્યારબાદ શેઠ શ્રી નરશીભાઈ જેઠાભાઇ દંડ પરિવાર તરફથી સ્વામીવાત્સલ્યનો લાભ લઇ મલકાપુરથી પારોલા તરફ પ્રયાણ થયેલ. આ પુર્ણ કાર્યક્રમમાં શેઠશ્રી તીલોકચંદભાઇની વિશેષ સેવા હતી. અત્યારસુધી ચાતુર્માસ આરાધના ૭૦ પ્રવેશ ફાર્મ આવેલ જે બધાજ પાસ થયા છે.

**શ્રી સમસ્ત મહાજનશ્રી મુંબઈ તથા શ્રી નલીયા મહાજનશ્રીના પદાધિકારીઓની ગદગ મધે પધરામણી**

૨૬-૬-૨૦૧૮ના રોજ ગદગ મહાજનશ્રીના આંગણે પ્રસ્તાવિત જ્ઞાતિ સંમેલન ૨૦૧૮નાં આયોજન વિષે માહિતી આપવા તથા સલાહ-સૂચનો મેળવવા સમસ્ત મહાજનશ્રીના સેક્રેટરી જનરલ શ્રી નિશિથ આણંદીલાલ દંડ તથા સભ્યો શ્રી પ્રવીણભાઇ લોડાયા, શ્રી કીર્તિભાઈ ધરમશી તથા નલીયા મહાજનનાં પ્રમુખશ્રી તથા પ્રસ્તાવિત જ્ઞાતિ-સંમેલનના પ્રમુખશ્રી મુલચંદભાઈ પદમશી મોતા અત્રે પધારેલ. રાતનાં ૮.૩૦ વાગે ગદગ મહાજનશ્રી દ્વારા સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ. અતિથીઓનું સન્માન તથા સ્વાગત મહાજનશ્રીનાં પ્રમુખશ્રી દિપકભાઇ ખોના તથા સેક્રેટરી શ્રી વિપિનભાઇ મોતા દ્વારા કરવામાં આવેલ. જ્ઞાતિ સંમેલન શા માટે જરૂરી છે તથા અગાઉના ત્રણ જ્ઞાતિ

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

સંમેલનોની ઉપયોગિતા તથા ફળશ્રુતિ વિષે શ્રી મૂલચંદ ભાઈએ વિસ્તૃત સમજ આપેલ. ગદગના જ્ઞાતિજનોએ પોતાને ઉદ્ભવેલા પ્રશ્નો રજુ કરેલ જેનો ખૂબ જ શાંતિથી અને સમાધાનકારી ઉત્તરો યુવાન જનરલ સેક્રેટરીશ્રી નિશિથભાઈએ આપેલ. તથા સમસ્ત મહાજનશ્રી જ્ઞાતિનાં ઉત્કર્ષ માટે શું શું કાર્ય કરી રહેલ છે તેની ઉંડાણપૂર્વક સમજ આપેલ તથા સર્વે જ્ઞાતિ ભાઈ-બહેનોનાં સાથની અપેક્ષા વ્યક્ત કરેલ.

સર્વે પદાધિકારીઓએ ગદગની સ્કુલ તથા 'જીવન સંધ્યા અને મહાજનશ્રીની વિવિધ સગવડો જોઈ ઘણી જ ગર્વની લાગણી વ્યક્ત કરેલ. તથા નલિયા જઈ ડીસેમ્બર ૨૩ થી ૨૫ દરમિયાન યોજાનાર જ્ઞાતિ સંમેલનમાં વધારેમાં વધારે સંખ્યામાં પધારવા આમંત્રણ આપેલ.

## શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ દ્વારા સિનીયર સિટીઝનો માટે પેન્ટોલોજી કાર્યક્રમનું આયોજન

ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળની નવી ટીમની સીટીઝન વેલફેર ફોરમના તેજસ લાલકા, સંદિપ શાહ, નીતલ લોડાયા, સેજલ દંડ, વીરાજ ધુલ્લા દ્વારા ૬મે ૨૦૧૮ રવિવારના દિવસે 'તથાસ્તુ હોલ', કાલીદાસ કોમ્પલેક્ષ, મુલુંડ ખાતે ૫૫ વર્ષથી વધુ વયના સિનિયર સીટીઝન, જ્ઞાતિજનો માટે એક અનોખા Paintology પ્રોગ્રામનું આયોજન કર્યું હતું.

૪૦-૫૦ વર્ષ પહેલા સ્કૂલ/કોલેજમાં ચિત્રકામ કરતાં તે પ્રમાણે ક્લાસમાં બધાયે સાથે બેસીને પીંછી અને રંગ સાથે કલાકારી કરી હતી. ૬૦ જેટલા સીનીયર સીટીઝન સભ્યોએ બે કલાક આનંદ સાથે સમય વિતાવ્યો હતો. વિરાજ ધુલ્લાએ કાર્યક્રમનું સંચાલન કર્યું તથા માહિતી આપી અંજલીબેન કેતન કારાણી સાથે આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સ્વયંસેવકોએ પ્રશંસનીય સેવા આપી હતી. પોતે ચિતરેલા ચિત્રકામ સાથે ગ્રુપ ફોટો પડાવી અને આવાજ બેનમુન કાર્યક્રમો યોજવાના આશિર્વાદ આપીને વડીલ જ્ઞાતિજનો વિખરાયા હતા.

## મુંબઈમાં જૈન સમાજના દર્દીઓ માટે નિઃશુલ્ક આવાસ સુવિધા

મુંબઈ મધે બહારગામથી ઈલાજ-સારવાર માટે આવતા જૈન સમાજના પરિવાર માટે રહેવાની સુવિધા દક્ષિણ મુંબઈ કાલબાદેવી રોડ પર શ્રીમતી મંજુલાબેન છગનલાલજી જૈન પરિવાર મુંબઈ દ્વારા કરાઈ છે. જ્યાં દર્દી તથા તેમની સાથેના ત્રણ વ્યક્તિ રહી શકશે. સોફા, બેડ તથા ગરમ પાણીની સુવિધા છે. જે માટે ઓછામાં ઓછાં ચાર્જીસ આપવાના રહેશે. વહેલો તે પહેલોના ધોરણે રૂમ સુવિધા ઉપલબ્ધ રહેશે. જે માટે બે દિવસ અગાઉથી ફોન કે ઈ-મેઈલ દ્વારા સૂચના આપી બુકીંગ કરાવી શકાશે. નિયમ પાલન કરવું પડશે. દર્દીનો આધારકાર્ડ લાવવું જરૂરી રહેશે. સંપર્ક : 022-22011919 વોટસએપ નં. શ્રીકાંત જૈન - 9321011919, ઈ-મેઈલઃ **roomseva56@gmail.com** અને સરનામું શ્રીકાંત જૈન, ૬/૮ કલ્યાણજી હંસરાજ બિલ્ડીંગ, નવી હાલાઈ ભાટિયા મહાજન વાડી, ૧લે માળે, રૂમ નં.૧૬એ, કોલભાટ લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

## મુલુંડ મધે ચાતુર્માસની વધામણી

વાસુપૂજ્ય દાદાની મીઠી મહેરથી ગુરુદેવ ગુણસિંધુ સૂરિની કૃપા લહેરથી તપચક્ર-ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા મુર્હુત આશીર્વાદથી, સાહિત્ય સમ્રાટ પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. શ્રી વીરભદ્ર સાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના મંગલ આશિષથી અચલગચ્છાધિપતિ શ્રી ના આજ્ઞાનુવર્તિની પ્રવર્તિની મહતરા, અચલગચ્છ શ્રમણી મુખ્યા પૂ.સાધ્વીવર્યા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા-પ્રશિષ્યા સરલહૃદયા પૂ. ગુરુવર્યા શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., M.A., M.Phil, Ph.D ગૌવિજ્ઞાન પૂ.સા. શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા., પૂ. સા.શ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. આદિઠાણા-૪નું જાજરમાન ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ સાતમ, ૧૮-૭-૨૦૧૮ બુધવારના સલુણી સવારે, મંગલ-મુર્હૂતે છે.

## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ ખાતે ૪થા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ ખાતે ૨૧ મી જૂન ૨૦૧૮ સવારના ૭ :૩૦ વાગે યોગા શિબિરનું આયોજન કરવામાં આવેલ. છેલ્લા ૨૨ વર્ષથી યોગાભ્યાસ

કરીને સમાજને યોગવિદ્યાનું જ્ઞાન આપનાર શ્રી કચ્છી વિશા ઓશવાળ સમાજનાં ઘાટકોપરના અગ્રણી યોગગુરૂ શ્રી ભરતભાઇ નીસરના નેતૃત્વ હેઠળ શ્રી કાંતિ ધુલ્લાની ટીમે હાજર લગભગ ૧૪૦ જેટલા જ્ઞાતિજનોને અને વિદ્યાર્થીઓને યોગના વિવિધ આસનોનુ પ્રાત્યાક્ષીક કરી બતાવેલ.





યોગ કરવાથી શરીરના કયા અવયવ ઉપર તેની અસર થાય અને એ અવયવની બીમારીઓ દુર થઈ સંપૂર્ણ શરીર કેવી રીતે નિરોગી થઈ શકે એની સાદી સમજ અને અત્યંત ઉપયોગી એવી યોગા વિશેની માહિતી શ્રી ભરતભાઇ નીસરે પોતાના પ્રાત્યાક્ષીક દરમયાન હાજર અભ્યાસીઓને આપી હતી. સંસ્થાના વ્યવસ્થાપક સમિતિનાં પ્રમુખ શ્રી મધુકાંતભાઈ ખોના, ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન શાહ, માનદ મંત્રી શ્રી નરેશ ભાઈ મોમાયા, સહમાનદ મંત્રી શ્રીમતી કાશ્મીરાબેન લુઠિઆ,અને કાર્યકારી સમિતિના સદસ્ય શ્રી અનુજભાઈ લોડાયા, શ્રીમતી ધનલક્ષ્મીબેન મોમાયા ઉપસ્થિત રહી દિપ પ્રગટાવી, નવકારમંત્રનું સ્મરણ કરી કાર્યક્રમની શરૂઆત કરેલ.

કાર્યક્રમનું સૂત્રસંચાલન સંસ્થાના વિદ્યાર્થી ભુમિત લોડાયા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમ સફળ કરવા માટે શ્રી સંસ્થાના કાર્યકારી સદસ્ય શ્રી અનુજભાઈ લોડાયા, ગૃહપતિ શ્રી દિલીપભાઈ રાઠોડ, શ્રી સનતભાઈ ખોના, સાથે વિદ્યાર્થીઓ શ્રી દર્પણ મોતા, શ્રી ઉજ્વળ લોડાયા, શ્રી ગૌતમ યુ લોડાયા અને બીજા કાર્યકર્તાઓ શ્રી વંદન ધરમશી, શ્રી ગૌતમશ લોડાયા, શ્રી મોહિત લાપસીઆ, શ્રી ગુલશન ડાઘા, શ્રી રાહુલ દંડ, શ્રી પૂર્વેશ લોડાયા, શ્રી ચેતન લોડાયા, શ્રી માનવ સોની, શ્રી દર્શન જીવાની, શ્રી મિહિર જીવાણી, શ્રી શ્રુત દંડ સારી મહેનત કરી હતી. શ્રી ભરતભાઈ નીસર તેમજ એમના સહયોગીઓનું પૂષ્પગુચ્છ આપી બહુમાન કરેલ.

સન્માનનો પ્રત્યુત્તર આપતી વેળાએ શ્રી ભરતભાઇએ પોતાની સેવાઓ વિદ્યાર્થીગૃહને આપવાની ઇચ્છા દર્શાવી ભવિષ્યમાં અઠવાડિયામાં ૨-૩ દિવસ યોગભ્યાસ કરવામાં આવે તો વિદ્યાર્થીઓનુ શારીરિક અને માનસિક ઘડતર ખૂબ જ સુંદર અને સમાજપયોગી થશે એવી ભાવના વ્યકત કરી. શ્રી ભરતભાઈ નીસરની ભાવનાને માન આપીને માનદ મંત્રી શ્રી નરેશભાઇ મોમાયાએ વિદ્યાર્થીઓ માટે ચાલુ વર્ષથી વહેલી તકે યોગાભ્યાસ શુરૂ કરવાની જાહેરાત કરી.

## મિસ્ટર ઇન્ડિયાને કચ્છી એવૉર્ડ



કેનેડાના મિસ્ટર ઇન્ડિયા તરીકે જાણીતા હેમંત શાહને બિનનિવાસી કચ્છીઓના સંગઠન કોજૈન તરફથી સમાજસેવા માટે ખાસ એવૉર્ડ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. કેનેડના વિનિપેગ સિટીમાં સ્થાયી થયેલા હેમંતભાઇ પોતાની કર્મભૂમિ અને જન્મભૂમિ વચ્ચે સતત સેતુ સાધવાની કામગીરી કરતા રહે છે. ખાસ કરીને યુવાનોને કેનેડા-ભારત વચ્ચે રહેલી બિઝનેસની તકો વિશે માહિતગાર કરીને માર્ગદર્શન આપવામાં ચાર દાયકાથી એમની વિશેષ રૂચિ રહી છે.

કેનેડા-ભારતનાં ઘણાં સંગઠન તથા જૈન સંસ્થાઓમાં સક્રિય રહેલા હેમંત શાહને અષાઢી બીજે, ૧૪ જુલાઇએ સાન ફ્રાન્સિસ્કોમાં કોજૈન સંમેલનમાં આ એવૉર્ડથી સન્માનિત કરવામાં આવશે.

## પાસ થયા અભિનંદન



**કુ. ઉર્વીલ અજય ખોના**
(રંગુપર - મલાડ)
**H.S.C. માં 82.15%**
Maths - **96/100**



**કુ. સનત ગીરીશ લોડાયા**
(સાંયરા - હિંગોલી)
**S.S.C. માં 92.4%**

| નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) | |
|---|---|
| **જયેશ ભવાનજી નાગડા** (PS 4788) | એફ-૫૦૪, ગણેશ હોમ્સ, ચેનપુર રોડ, સહજાનંદ ફ્લેટ્સ પાસે, ન્યુ રાણિપ, અમદાવાદ - ૩૮૨ ૪૭૦. મો.: ૦૯૭૨૭૭ ૦૦૧૦૪ |
| **મુલચંદ પ્રેમજી છેડા** (PS 407) M: ૦૯૮૧૯૮૧૪૯૯૯ | ૨૫૭/૧૦-૧૧, ચંપા નિવાસ, બીજે માળે, રોડ નં. ૧૯, પોસ્ટ ઓફીસ લેન, બંસીધર અગ્રવાલ હાઈસ્કૂલની સામે, વડાલા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૩૧. |
| **નલિનકાંત પદમશી પીર (લોડાયા)** (PS 3171) | ૧૮૦૨, સતગુરૂ સુપ્રીમ, વાલજી લધા રોડ, અચીજા હોટલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૦૯૮૨૦૫ ૬૫૪૯૯ |
| **રાહુલ દિનેશચંદ્ર ખોના** (PS 7351) | એ-૪૦૩, હમલોગ કો.હા.સો., બિલ્ડીંગ નં. ૭૫, સારસ્વત બેંક લેન, તિલક નગર, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૮૯. મો.: ૦૯૩૨૩૪ ૫૬૭૩૯ |
| **દિનેશ કેશવજી લોડાયા** (PS 3531) | ૭૦૩, શંખેશ્વર સૃષ્ટિ, ૭મે માળે, લક્ષ્મી પાર્કની પાછળ, કંચનગાંવ, ઠાકુરલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો. : ૦૯૩૨૨૮ ૬૨૬૭૩ |
| **હરીશ હીરજી ખોના** (PS 3760) | ૭૦૪, શંખેશ્વર સૃષ્ટિ, ૭મે માળે, લક્ષ્મી પાર્કની પાછળ, કંચનગાંવ, ઠાકુરલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો. : ૦૯૮૭૦૧ ૫૫૪૦૪ |
| **શ્રીમતી જીવનબાળા જીતેન્દ્ર ખોના** (PS 6699) | C/o. નલિની સી. પાટીલ, શુભાંકર એપાર્ટમેન્ટ્સ, વિંગ સી, ફ્લેટ નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, મહાબલ એરીયા, જલગામ-૪૨૫ ૦૦૨. મો.: ૦૯૪૦૫૦ ૫૯૨૯૨ |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **સગપણ** | | |
| ૧૭-૦૬-૧૮ | વડોદરા | રાહુલ ભરત તારાચંદ ધરમશી | સુથરી | ૩૧ |
| | હુબલી | પ્રિયંકા અભયકુમાર હીરજી મોમાયા | સાંયરા | ૩૧ |
| ૨૩-૦૬-૧૮ | નાસિક | હિમાંશુ મુકેશ નવીન પટેલ (નાગડા) | નલિયા | ૨૯ |
| | ડોમ્બીવલી | માસૂમી હરીશ લક્ષ્મીચંદ સાયલા | મંજલ રેલડીયા | ૨૫ |
| ૨૩-૦૬-૧૮ | ડોમ્બીવલી | રૂપેશ ખુશાલ દંડ | લાલા | ૨૮ |
| | પારોલા | કોમલ દિલીપ પોલડીયા | બાયઠ | ૨૮ |
| ૨૬-૦૬-૧૮ | ડુમરા | અક્ષય રમેશ દેવજી સોની | વાંકુ | ૨૨ |
| | જલગાંવ | તોરલ નરેન્દ્ર દામજી લોડાયા | સાંયરા | ૧૯ |
| | | **આંતરજ્ઞાતિય સગપણ** | | |
| ૨૬-૦૬-૧૮ | મુલુંડ | હર્ષ રમેશ દેવચંદ વોરા | રંગપુર | ૩૦ |
| | અકોલા | વિસા દીપેન્કુમાર પુનમભાઈ શાહ | ખંભાત | ૨૭ |
| | | **લગ્ન** | | |
| ૨૩-૦૬-૧૮ | ગદગ | ડૉ. પ્રીત ડૉ. પ્રદીપ સોમચંદ ખોના | બારોઈ | ૨૬ |
| | ઉદયપુર | ડૉ. કાજોલ અતુલ પ્રભુલાલ જેતસી ખોના | મોટી ખાવડી | ૨૫ |
| | | **આંતરજ્ઞાતિય લગ્ન** | | |
| ૨૧-૦૪-૧૮ | ડોમ્બીવલી | કલ્પેશ કાંતીલાલ શિયાડ | જખૌ | ૩૪ |
| | ઘાટકોપર | અલ્પા અમૃતલાલ પાસડ | ભોજાય | ૩૪ |
| | | **મરણ** | | |
| ૦૩-૦૬-૧૮ | તિરૂપુર | બુધ્ધિધન પદમશી રાઘવજી મોમાયા | વરાડીયા | ૬૧ |
| ૧૪-૦૬-૧૮ | હુબલી | મોહન દામજી ગોવિંદજી મોમાયા | વારાપધર | ૫૭ |
| ૧૬-૦૬-૧૮ | મુલુંડ | મણીબાઈ મેઘજી ધુલ્લા | સુથરી | ૮૬ |
| ૨૩-૦૬-૧૮ | ઈન્દોર | ટેકેન્દ્રભાઈ માણેકજીભાઈ ધરમશી | કોઠારા | ૬૯ |
| ૨૪-૦૬-૧૮ | ડોમ્બીવલી | વિનીત મહેશ નવીનચંદ્ર માલસી નાગડા | જખૌ | ૧૭ |
| ૨૪-૦૬-૧૮ | વરસોવા | દેવજી નેણસી પાલાણી (ખોના) | કોઠારા | ૮૦ |
| ૨૪-૦૬-૧૮ | વડાલા | હરીશ રામજી માણેકજી નાગડા | રંગપુર | ૬૦ |
| ૨૬-૦૬-૧૮ | બાયઠ | દામજી પદમસી આણંદજી દંડ | લાલા | - |
| ૨૬-૦૬-૧૮ | ડોમ્બીવલી | નવીન કુંવરજી ધરમશી | ગોરખડી | ૫૧ |
| ૨૮-૦૬-૧૮ | નિઝામાબાદ | હેમંત મુલજી વિકમશી | સુથરી | ૬૧ |
| ૨૮-૦૬-૧૮ | મલાડ | નેણસી લધાભાઈ મહેશ્વરી | જખૌ | ૭૮ |
| ૩૦-૦૬-૧૮ | ભાંડુપ | રમેશ ભવાનજી લાપસીયા | દલતુંગી | ૬૪ |

# હાર્દિક અભિનંદન



કુ. તન્વી સીરાજ રતાણી
BS, PhD (Inorganic Chemistry)

DOB : 09.05.1990

## ડૉ. કુમારી તન્વી સીરાજ લક્ષ્મીચંદ રતાણી (લોડાયા)

તેરા/USA

ચિ. તન્વી એ California Institute of Technology, USA (CALTECH) થી PhD (Doctorate In Inorganic Chemistry) ની પદવી મેળવેલ છે. હાલ Dow Chemicals, Philadelphia, USA માં Research Scientist તરીકે જોડાયેલ છે.

આ બદલ ચિ. તન્વીને હાર્દિક અભિનંદન તથા જીવનના દરેક ક્ષેત્રે એના યશસ્વી ભાવિ માટે અમારી મંગલ શુભકામના.

❊ શુભાશિષ ❊

માતુશ્રી કાંતાબેન લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર (તેરા/પૂના)
સૌ. મનોરમાબેન અરવિંદભાઈ દવે પરિવાર (જામનગર/પૂના)
માતા-પિતા : ડૉ. રીટા સીરાજ લક્ષ્મીચંદ રતાણી (તેરા/USA)
E-mail : sirajratani@hotmail.com
Contact : 001 631 816 4189
કાકા-કાકી : સૌ. હિના ચેતન લક્ષ્મીચંદ રતાણી (તેરા/પૂના)
બહેન : કુ. કાનન ચેતન રતાણી, કુ. સિમરન ચેતન રતાણી એવમ્
સમસ્ત રતાણી તથા દવે પરિવાર

# હાર્દિક અભિનંદન



કુ. કાનન ચેતન રતાણી
B.Com, PGDBF, CA, IFRS

DOB : 09.04.1992

## કુમારી કાનન ચેતન લક્ષ્મીચંદ રતાણી (લોડાયા)

તેરા/પૂના

ચિ. કાનન એ CA ની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ, IFRS, UK (International Financial Reporting Standards) ની પરિક્ષા 76% થી પાસ કરેલ છે. હાલ CPA, USA (Certified Public Accountant) પરિક્ષાની તૈયારી કરી રહી છે.


આ બદલ ચિ. કાનનને હાર્દિક અભિનંદન તથા જીવનના દરેક ક્ષેત્રે એના યશસ્વી ભાવિ માટે અમારી મંગલ શુભકામના.

❊ શુભાશિષ ❊

માતુશ્રી કાંતાબેન લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર (તેરા/પૂના)
સૌ. નિર્મળાબેન શાંતિલાલ મુલજી શિઆલ પરિવાર (જખૌ/ઈન્દોર)
મોટા કાકા-કાકી : ડૉ. રીટા સીરાજ લક્ષ્મીચંદ રતાણી (તેરા/USA)
માતા-પિતા : સૌ. હિના ચેતન લક્ષ્મીચંદ રતાણી (તેરા/પૂના)
E-mail : hina_ratani@hotmail.com
Contact : 09420975555 / 020 - 25653766
બહેન : કુ. તન્વી સીરાજ રતાણી, કુ. સિમરન ચેતન રતાણી એવમ્
સમસ્ત રતાણી તથા શિઆલ પરિવાર

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (02-07-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ તારીખ : ૦૬-૧૨-૧૯૪૧

અરિહંત શરણ : ૨૧-૦૬-૨૦૧૮

## શેઠ શ્રી કુસુમકાંત વર્ધમાનભાઈ જીવરાજ નાગડા (ગામ - નલિયા)

**''શ્રી નાગડા ગોત્ર નલિયાના ૬૪ વર્ષથી ભુવા તરીકે બિરાજમાન''**

આપ ગુણોના ઉધાન હતા, ને હતા સમર્પણની સુવાસ, આપની છાયા વડલા સમી, ને કાર્ય કર્યા નદી સમાન.
અમી ભરેલી નજરો હતી, હૈયે હતાં હેતના ધોધ, સુંદર જીવન જીવી ગયા, આપ્યો સૌને સત્કર્મોનો બોધ.

પૂર્વજ વડીલોના સેવા, સત્કાર્યના પંથે ચાલી આપે
પરિવારનું નામ ઉજળું કર્યું અને સમાજના સહબર બન્યા.
આપની સ્મૃતિ સદાય અમારા હૈયાને સતત હરિયાળા રાખશે.

**લી. શ્રી નાગડા ગોત્ર પરિવાર નલિયા**

## બાળકોને બેંકનું શૈક્ષણિક જ્ઞાન મળે તે માટે અરિહંત બેંકની અનોખી પહેલ

બાળકોને નાનપણથી બેંકની કાર્યવાહી તથા બેંકિંગને લગતા રોજીંદા વ્યવહારોનું જ્ઞાન મળે એ હેતુથી બાળકો માટે અરિહંત કો-ઓપ. બેંકની મુલુંડ શાખા દ્વારા તા.૭મી મેના મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટાફ દ્વારા બાળકોને બેંકની કાર્યવાહી વિષે સમજ આપી હતી તેમજ એટીએમમાંથી પૈસા કાઢવા, પે-ઈન સ્લીપ ભરવી, ચેક લખવા જેવી રોજીંદી બેંકિંગ પ્રવૃત્તિઓનું ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. તાજેતરમાં કદઓ સમાજના બાળકો માટે કિડ્સહીબીશન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં અરિહંત બેંકની મુલુંડ શાખા દ્વારા સર્વ બાળકોને પીગી બેંક ભેટ આપવામાં આવી હતી અને તેમાં પૈસાની બચત કરી બેંકમાં જમા કરાવવાનો



અનુરોધ કરવામાં આવ્યો હતો. અન્ય સમાજ કે સંસ્થાઓને બાળકો માટે અરિહંત બેંકની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવાની ઈચ્છા હોય તેમણે બ્રાંચ ડાયરેક્ટર યશોધન કારાણીનો ૯૮૨૧૧૩૭૭૩૭ પર સંપર્ક કરવો.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,